Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી. જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યાં સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ટ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ

પુસ્તક ૨૮ મું. વૈશાક. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૨ જો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર

अनुक्रमणिका.

૧ અનિત્ય ભાવના. ... ... ... ... ... ... ... ૩૩
૨ પ્રશમરતિ પ્રકરણમ્ ... ... ... ... ... ... ૩૪
૩ ગૃહસ્થનાં કર્તવ્યો.... ... ... ... ... ... ... ૪૪
૪ ચંદરાજાના રાસઉપરથી નીકળતો સાર ... ... ... ... ૫૧
૫ ગત વર્ષના મુખ પૃષ્ટપરના શ્લોકનું ટુંક વિવેચન. ... ... ... ૬૦
૬ આબુ ઉપર ગયેલું જૈન ડેપ્યુટેશન ... ... ... ... ... ૬૩
૭ ગુજરાતી જૈન સાહિત્ય. ... ... ... ... ... ... ૬૪

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ ને બહાર પડેલ છે.

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત શ્રી સ્તવન સંગ્રહ.

આ બુક શ્રાવિકા તેમજ સાધ્વી સમુદાયને તેમજ પ્રકરણોના નવા અભ્યાસીઓને ઘણીજ ઉપયોગી છે. કોઇ વખત નહીં છપાયેલા તેમજ પ્રસિદ્ધિમાં પણ નહીં આવેલા સ્તવનોનો આમાં સંગ્રહ કરેલો છે. આ બુકમાં જીવ વિચારનું ૧, નવતત્વનું ૧, દંડક સંબંધી ૨, ચૌદ ગુણઠાણા સંબંધી ૩, જ્ઞાનદર્શન ચારિત્ર સંબંધી ૧, સિદ્ધ દંડિકાનું ૧, કર્મ પ્રકૃતિ ઉપર ૧, જંબુદ્વિપ વર્ણનનું ૧, નિગોદના સ્વરૂપનું ૧, સમવસરણ સંબંધી ૩ અને બીજી બાબતના ૨ મળી કુળ ૧૭ સ્તવનો તથા ૪ સઝાયો દાખલ કરેલ છે. ભાવનગરના શ્રાવિકા સમુદાયની આર્થિક સહાયથી છપાવેલ છે. સાધુ સાધ્વીને તથા જૈનશાળા ને કન્યાશાળાઓમાં ભેટ આપવાની છે. ૧૬ પેજી ૧૭ ફારમનાં પાકા પુંઠાથી બાંધેલ બુક છે. કિંમત માત્ર આઠ આના રાખેલ છે. પોસ્ટેજ દોઢ આનો લાગે છે. જૈન તત્વો જાણવાના ઇચ્છકે અવશ્ય ખરિદ કરવા લાયક ને વાંચવા સમજવા લાયક છે. તેની ખરી કિંમત વાંચનારજ કરી શકે તેમ છે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ શાસ્ત્રી.

અમારી તરફથી કાયમ છપાય છે તેમાં કેટલોક વધારો કરીને તેજ ટાઇપથી છપાવેલ છે. અને તેવાજ પુંઠાથી બંધાવેલ છે. કિંમત છ આના જ રાખેલ છે. જૈન શાળા કન્યાશાળા માટે અને ઇનામ માટે ખરિદ કરનારને પાંચ આનાથી મળી શકશે. બહાર ગામવાળાઓને પોસ્ટેજ જુદું આપવું પડશે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. ગુજરાતી

અમારી તરફથી છપાય છે તેવીજ શિલા છાપમાં છપાવેલી આ બુક હાલમાં બહુ મુદતે બહાર પડી છે. છાપકામ ને બાઇન્ડીંગ મનરંજન કરે તેવાં છે. કિંમત પ્રથમ પ્રમાણેજ આઠ આના અને જૈનશાળા કન્યાશાળા વિગેરે માટે સાત આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

## નવું જૈન પંચાગ.

### સંવત ૧૯૬૮ ના ચૈત્રથી સં. ૧૯૬૯ ના ફાગણ સુધીનું.

### રાય સાહેબ બદ્રીદાસજી બહાદુરના ફોટા સાથેનું.

### કિંમત અરધો આનો.

જૈન બંધુઓને ખાસ ઉપયોગી છે અને બીજા બહાર પડતા પંચાંગો સરખામણીમાં વિશ્વાસ કરવા લાયક છે કારણ કે જ્યોતિષના અનુભવી મુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनया यतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. વૈશાખ. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૨ જો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## अनित्य भावना.

( આંખવિના અંધારૂં રે, સહાય મારે, આંખવિના અંધારૂં–એ રાગ.)

**અનિત્ય ભાવના ભાવોરે, વિવેકી વીરા, અનિત્ય ભાવના ભાવો.**

ઉગ્યો તે અસ્ત થવાનો, જન્મ્યો તે મરી જવાનો,  
અમર પટો તો નહિ કોઇ લાવ્યો રે, **વિવેકી વીરા.** ૧.  
ડાભ અણી જળ જેવું, જીવતર જીવડા છે એવું,  
ચપળા ચમકારો લક્ષ્મી લ્હાવો રે, **વિવેકી વીરા.** ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ઘર હય ગય ગાજે, છત્રીશ વાજીંત્રો વાજે,
તે ઘર વાયસ ગાય વધાવો રે, વિવેકી વીરા. ૩.
રામ રહ્યા વનવાસો, પાંડવ પરઘરના દાસો,
ધિક્ આ લક્ષ્મીનો સ્થિર ન સ્વભાવો રે, વિવેકી વીરા. ૪.
છપ્પનપર ભુંગળા વાગે, તે મુંજરાજા ભીખ માગે,
ક્યાં કરવો કર્મ ઉપર જઈ દાવો રે, વિવેકી વીરા. ૫.
સડણ પડણ આ દેહા, શા કરવા તેનાથી નેહા,
સનત્ કુમાર ચક્રીની ભાવના ભાવો રે, વિવેકી વિરા. ૬.
રાહુ ગ્રહ્યો રવિ દેખી, કીર્તિધર રાજ્ય ઉવેખી,
થઇ મુનિ અનિત્ય ભાવના ભાવ્યો રે, વિવેકી વીરા. ૭.
વપુ વૈભવ સ્વજન સંબંધી, અનિત્ય સંસારની સંધી,
**સાકળચંદ** નિત્ય સ્વધર્મને ધ્યાવો રે, વિવેકી વીરા. ૮.

श्री उमास्वातिवाचक विरचितम्

# प्रशमरति प्रकरणम्.

( सरल व्याख्या समेतं )

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

અનુસંધાન પૃષ્ઠ ( ૨૧ ) થી.

रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य ।
नान्यः स्वल्पोऽपि गुणोऽस्ति यः परत्रेह च श्रेयान् ॥५३॥
यस्मिन्निन्द्रियविषये शुभमशुभं वा निवेशयति भावम् ।
रक्तो वा द्विष्टो वा स बन्धहेतुर्भवति तस्य ॥ ५४ ॥
स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषाक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥ ५५ ॥
एवं रागद्वेषौ मोहो मिथ्यात्वमविरतिश्चैव ।
एभिः प्रमादयोगानुगैः समादीयते कर्म ॥ ५६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर्ममयः संसारः संसारनिमित्तकं पुनर्दुःखम् ।
तस्माद्रागद्वेषादयस्तु भवसंततेर्मूलम् ॥ ५७ ॥
एतद्दोषमहासंचयजालं शक्यमप्रमत्तेन ।
प्रशमस्थितेन घनमप्युद्वेष्टयितुं निरवशेषम् ॥ ५८ ॥

**ભાવાર્થ**—રાગદ્વેષથી પરાભવ પામેલા જીવને કેવળ કર્મબંધજ થાય છે; પણ આ લોક કે પરલોકમાં કલ્યાણકારી થાય એવો અલ્પ પણ ગુણ થતો નથી. જે ઇંદ્રિયના વિષયમાં શુભ કે અશુભ ભાવ સ્થાપન કરે છે તે રાગયુક્ત અથવા દ્વેષયુક્ત હોવાથી તેને બંધનકારી થાય છે. તેલ ખરડ્યા શરીરવાળાનું ગાત્ર જેમ ધૂળથી ખરડાય છે તેમ રાગદ્વેષથી અત્યંત ખરડાયેલાને કર્મબંધ થાય છે. પ્રમાદના સહચારી એવા રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ અને અવિરતિથીજ એવી રીતે કર્મ ગ્રહણ થાય છે. સંસાર કર્મમય છે, અને દુઃખનું કારણ સંસાર છે; માટે રાગ દ્વેષાદિક સંસારસંતતિનાં મૂળ છે. અપ્રમત્ત અને શાન્ત–વૈરાગ્યયુક્ત (મહાપુરૂષ) આ દોષના મ્હોટા સંચયની જાળ ગમે એવી નિવીડ હોય તોપણ તેને સમસ્ત રીતે ઉખેડી નાખવાને સમર્થ થાય છે. ૫૩–૫૮

**વિવેચન**—રાગ અને દ્વેષવડે જેનું મન વિડંબિત થયેલું છે તેને કેવળ [ ક્લિષ્ટ ] કર્મનો બંધજ થાય છે; પરંતુ પરલોકમાં કે આ લોકમાં કોઇ પણ શ્રેય ગુણ સંભવતો નથી.

'કર્મબંધ શિવાય બીજો કોઇ પણ શ્રેય ગુણ કેમ સંભવતો નથી? તે બાબત હેતુ સહિત સમજાવતા સતા શાસ્ત્રકાર કહે છે.'

શબ્દાદિક વિષયમાં રાગયુક્ત સતો જે ઇષ્ટ ચિત્ત પરિણામ ધારે છે કે દ્વેષયુક્ત સતો અનિષ્ટ ચિત્ત પરિણામ સ્થાપે છે તે ઇષ્ટાનિષ્ટ પરિણામ તેને જ્ઞાનાવરણાદિક અષ્ટવિધ કર્મબંધનો હેતુ થાય છે. સકષાયપણાથી જીવ કર્મબંધને યોગ્ય પુદ્ગલો ગ્રહે છે.

'આત્મ પ્રદેશોમાં કર્મના પુદ્ગલો શી રીતે લાગે છે તે સમજાવે છે.' તેલાદિક સ્નિગ્ધ પદાર્થથી ખરડાયેલાં ગાત્રને જેમ રજઃકણો આવી ચોંટી જાય છે તેમ રાગ દ્વેષ પરિણામરૂપ સ્નિગ્ધતાવડે આર્દ્ર થયેલા જીવના પ્રદેશોમાં જ્ઞાનાવરણાદિક વર્ગણાયોગ્ય પુદ્ગલો આવી લાગે છે.

'હવે રાગ દ્વેષ વિશિષ્ટ સમસ્ત કર્મબંધ હેતુઓનો ઉપસંહાર કરતા કહે છે.'

ઉપર જણાવેલા લક્ષણવાળા રાગ અને દ્વેષ, ચેતનને મુંઝાવે તે મોહ, તત્ત્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થમાં અશ્રદ્ધાન લક્ષણ મિથ્યાત્વ, અને કર્મ—આશ્રવોથકી અનિવૃત્તિ તે અવિરતિ, વિકથાદિક પાંચ પ્રકારના પ્રમાદસહિત અને મન, વચન તથા કાયયોગયુક્ત એ રાગદ્વેષાદિકવડે આત્મા સ્વપ્રદેશમાં કર્મનો સંચય કરે છે; તેથી ઘટીયંત્રન્યાયે કરી રાગાદિક કર્મબંધના હેતુ થાય છે અને કર્મનો પણ રાગાદિક પરિણામ થાય છે. નારકીપણું, તિર્યંચપણું, મનુષ્યપણું અને દેવપણું એ કર્મવિકાર છે. એ નારકાદિકરૂપ સંસારથકી શરીર અને મન સંબંધી દુ:ખ પેદા થાય છે. તે સંસાર વગર તથાપ્રકારનાં દુ:ખ અનુભવવાં પડતાંજ નથી; તેથી રાગદ્વેષાદિક પાંચ કર્મબંધના હેતુઓ છે, એટલે તે નારકાદિક ભવપરંપરાનાં બીજરૂપ છે.

'ત્યારે આ રાગદ્વેષાદિક જનિત સંસારચક્રને ભેદવાનો શો ઉપાય છે? તે બતાવતા સતા શાસ્ત્રકાર કહે છે.'

રાગદ્વેષાદિક દોષ તથા તજ્જનિત કર્મનો મહા સંચય તેરૂપ ગહન જાળને કષાય, નિદ્રાદિક પ્રમાદ રહિત અને કેવળ શાંત વૈરાગ્ય રસમાં નિમગ્ન થયેલ મહા પુરૂષજ મૂળથી ઉચ્છેદી શકે છે. ૫૩–૫૮.

'હવે પાંચ કારિકાવડે કુલક કહે છે'—

अस्य तु मूलनिबन्धं ज्ञात्वा तच्छेदनोद्यमपरस्य ।
दर्शनचारित्रतपः स्वाध्यायध्यानयुक्तस्य ॥ ५९ ॥
प्राणवधानृतस्तेयाब्रह्मपरधनमैथुनममत्वविरतस्य ।
नवकोट्युद्गमशुद्धोञ्छमात्रयात्राधिकारस्य ॥ ६० ॥
जिनभाषितार्थसद्भावभाविनो विदितलोकतत्त्वस्य ।
अष्टादशशीलसहस्रधारणकृतप्रतिज्ञस्य ॥ ६१ ॥
परिणाममपूर्वमुपागतस्य शुभभावनाध्यवसितस्य ।
अन्योऽन्यमुत्तरोत्तरविशेषमभिपश्यतः समये ॥ ६२ ॥
वैराग्यमार्गसंप्रस्थितस्य संसारवासचकितस्य ।
स्वहितार्थाभिरतमतेः शुभेयमुत्पद्यते चिन्ता ॥ ६३ ॥

**ભાવાર્થ**—આનું મૂળ કારણ જાણીને તેનો ઉચ્છેદ કરવાને ઉદ્યમવંત દર્શન, ચારિત્ર, તપ, સ્વાધ્યાય અને ધ્યાનયુક્ત, હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને મમત્વરહિત, નવ કોટી શુદ્ધ નિર્દોષ આહારમાત્રથી સંયમ પાળનાર, જિન સર્વજ્ઞ ભાષિત સિદ્ધાન્તને ભાવનાર, લોકતત્ત્વના જાણ, અઢારહજાર શીલાંગના ધોરી, અપૂર્વ પરિણામને પ્રાપ્ત થયેલ, શુભભાવના–અધ્યવસાય યુક્ત, આગમમાં અન્યોન્ય એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાથી અધીક રહસ્યને જોનાર, વૈરાગ્ય માર્ગમાં લીન, સંસારવાસથી ઉભગેલ અને આત્મહિતને માટે ઉજમાળ થયેલ ( ભાગ્યવંત ) ને આવી શુભ ચિન્તા ઉત્પન્ન થાય છે. ૫૯--૬૩.

**વિવેચન**—આ મહા દોષ સંચયરૂપ જાળનું મૂળ કારણ જાણીને, મારે આ મહાજાળને છેદી નાંખવી એવા નિશ્ચયપૂર્વક તેનો છેદ કરવાને જે ઉત્સાહવંત છે તેમજ તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ દર્શન, સામાયિકાદિક ચારિત્ર, અનશનાદિક દ્વાદશ પ્રકાર તપ, વાચના પૃચ્છનાદિક પંચવિધ સ્વાધ્યાય અને એકાગ્ર ચિત્ત નિરોધ લક્ષણ ધર્મ–શુકલધ્યાન, ઉકત સમ્યગ્ દર્શનાદિક પરિણામોથી જે યુકત છે ,વળી પ્રમત્ત યોગથકી પ્રાણ વિનાશરૂપ પ્રાણવધ; ' આત્મા નથી એવી રીતે સદ્‌ભૂત વસ્તુનો અપલાપ કરવો, ' આત્મા સર્વગત ( સર્વવ્યાપી ) છે એવી રીતે અસદ્‌ભૂત વાત કહેવી, વિપરીત અને કટુક સાવદ્યાદિવચન જલ્પવારૂપ અસત્ય ભાષણ, કુબુદ્ધિથી પરાઇ વસ્તુ પોતાની કરી લેવારૂપ પરધન હરણ, સ્ત્રી પુરૂષ કે નપુંસક વેદના ઉદયથી પુરૂષ, સ્ત્રી કે તદુભયનું સેવન કરવારૂપ મૈથુન, અને મમત્ત્વલક્ષણ પરિગ્રહ, ' આ ધન મારૂં છે, હું એનો સ્વામી છું. ' એવી રીતની મૂર્છા, તેમજ રાત્રીભોજન– એ સર્વ થકી જે નિવર્ત્યા છે; એવી રીતે મૂળ ગુણ કહી હવે ઉત્તર ગુણ કહેવા ઇચ્છતા જણાવે છે–પોતે પ્રાણી વર્ગને હણે નહિ, બીજા પાસે હણાવે નહિ, અને હણનારને સારો જાણે નહિ, એ ત્રણ કોટિ, તથા પોતે રસોઇ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને કરનારને સારો જાણે નહિ, એ બીજી ત્રણ કોટિ, તેમજ પોતે ખરીદ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને કરનારને સારો જાણે નહિ એ ત્રીજી ત્રણ કોટિ. એ સર્વ એકઠી કરતાં નવ કોટિ થાય. તે નવ કોટિવડે તેમજ અન્વેષણાદિકવડે શુદ્ધ–નિર્દોષ ભિક્ષાયોગે સંયમયાત્રાનો જે નિર્વાહ કરે છે એટલે શુદ્ધતમ આહાર, ઉપધિ અને પાત્ર ગ્રહણ કરવા જે તત્પર છે; સર્વજ્ઞ ભાષિત જીવાદિક પદાર્થ સંબંધી પરમાર્થ સ્વરૂપ ભાવવામાં જે કુશળ છે. જીવાજીવને આધારભૂત સંપૂર્ણ લોકનું સ્વરૂપ જેણે સારી રીતે જાણ્યું છે; અને જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે એવા અઢાર હજાર શીલાંગ તેને ધારણ કરવા જેણે પ્રતિજ્ઞા કરેલી છે. સંયમ માર્ગમાં શુદ્ધ પ્રકર્ષયોગે અપૂર્વ પરિણામને જે પ્રાપ્ત થયેલ છે. પાંચ મહાવ્રત સંબંધી ૨૫ ભાવનાઓ અથવા આગળ કહેવાશે તે અનિત્યત્વાદિક દ્વાદશ શુભ ભાવનાઓવડે જે ભાવિત છે; તેમજ ભાવનામય જ્ઞાનવડે સમય-સિદ્ધાંતમાં કહેલા ભાવ અભિપ્રાયના તાર તમ્યને ( આ બેમાં આ પ્રધાન છે તેથી વળી આ વધારે પ્રધાન છે એવી રીતે ) જે જાણી–જોઇ શકે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ વૈરાગ્યમાર્ગમાં જે સારી રીતે સ્થિત થયેલ છે, સંસારવાસથી જેને ત્રાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગેલો છે અને મુક્તિસુખ મેળવવા માટે તેને અનુકૂળ સાધન સેવવામાંજ જેની પ્રીતિ બંધાયેલી છે તેવા મહાશય-મુમુક્ષુને આવી કલ્યાણકારી શુભ ચિંતા ઉપજે છે. ૫૯-૬૩.

'તેજ ચિંતાને સ્પષ્ટ કરે છે.'

भवकोटीभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमादो मे ।
न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ॥ ६४ ॥
आरोग्यायुर्बलसमुदयाश्चला वीर्यमनियतं धर्मे ।
तल्लब्ध्वा हितकार्ये मयोद्यमः सर्वथा कार्यः ॥ ६५ ॥

**ભાવાર્થ**—કોટી ભવે પણ પામવો દુર્લભ એવો મનુષ્યભવ પામીને આ શો પ્રમાદ ! ! ગયેલી તક ઇંદ્રને પણ પાછી મળતી નથી. આરોગ્ય, આયુષ્ય, બલ અને લક્ષ્મી આદિ ચપળ છે, ધર્મને વિષે વિર્ય ઉત્સાહ અસ્થાયી છે ( નિયત નથી ). માટે તે પામીને હિતકાર્યમાં મ્હારે સર્વથા ઉદ્યમ કરવો જોઇએ. ૬૪--૬૫

**વિવેચન**—નરક, તિર્યચ અને દેવતા સંબંધી અનંત ભવો કીધા છતાં અતિ દુર્લભ એવો આ મનુષ્ય જન્મ પામીને મુક્તિનાં સાધનરૂપ જ્ઞાનાદિકનું આરાધન કરવામાં, જાણતા બુઝતા એવા મને શો પ્રમાદ ? પ્રતિક્ષણ ઉદય આવી, ભોગવાઇ ને ક્ષીણ થઇ જતું આયુષ્ય સૌધર્માધિપતિ જે ઇંદ્ર તેને પણ પાછું આવતું નથી તો પછી મારા જેવા મનુષ્યનું તો કહેવુંજ શું ? આરોગ્ય ( નીરોગીપણું ) અસ્થિર છે કેમકે પૂર્વકૃત કર્મયોગે નીરોગી પણ સનત્‌કુમાર ચક્રીની પેરે રોગી થઇ જાય છે. આયુષ્ય પણ અધ્યવસાયાદિક સાત પ્રકારે તૂટી જાય છે; તેમજ અંજલિ ગતજળની જેમ ક્ષણે ક્ષણે તે ઓછું થતું જાય છે, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથકી પ્રગટતું બળ (ઉત્સાહ) પણ નિમિત્ત પામી મંદ પડી જાય છે. ધન ધાન્યાદિકનાં ભંડાર પણ ક્ષણભંગુર છે અને પરિષહ સહન કરવામાં જોઇતું વીર્ય (ઉત્સાહ) પણ વખતે વિણસી જાય છે, તેથી ઉક્ત સર્વ શુભ સામગ્રી આરોગ્યાદિક ( પૂર્વ પુણ્યયોગે ) પામીને જ્ઞાનાદિકનું આરાધન કરી લેવારૂપ હિતકાર્યમાં મારે સર્વ પ્રકારે અવિછિન્ન યત્ન-પ્રયત્ન-ઉત્સાહ આદરવો યુક્ત છે. ૬૪-૬૫.

'તે હિતાચરણ શું છે તે શાસ્ત્રકાર સમજાવે છે.'

शास्त्रागमादृतेन हितमस्ति न च शास्त्रमस्ति विनयमृते ।
तस्माच्छास्त्रागमलिप्सुना विनीतेन भवितव्यम् ॥६६॥
कुलरूपवचनयौवनधनमित्रैश्वर्यसंपदपि पुंसाम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विनयप्रशमविहिना न शोभते निर्जलेव नदी ॥६७॥
न तथा सुमहार्घ्यैरपि वस्त्राभरणैरलंकृता भाति ।
श्रुतशीलमूलनिकषो विनीतविनयो यथा भाति ॥६८॥

**ભાવાર્થ**—શાસ્ત્રના જાણપણાવિના હિત થતું નથી અને વિનયવિના શાસ્ત્રજ્ઞાન થતું નથી, માટે શાસ્ત્રજ્ઞાનના અભિલાષીએ વિનીત થવું જોઇએ. કૂળ, રૂપ, યૌવન, ધન, મિત્ર અને ઐશ્વર્ય સંપત્તિ પુરૂષોને વિદ્યમાન છતાં વિનય, વૈરાગ્ય વિરહિત તે ( સંપત્તિ ) નિર્જળ નદીની પેરે શોભતી નથી. શ્રુત શીળની મૂળ કસોટીરૂપ અત્યંત વિનયવંત જેવો શોભે છે તેવો મહા મૂલ્યવાળા વસ્ત્ર, આભરણથી અલંકૃત થયેલો શોભતો નથી. ૬૬-૬૮

**વિવેચન**—સન્માર્ગદેશક અને દુર્ગતિથી બચાવી સદ્દગતિદાયક શાસ્ત્ર કહેવાય છે. તે પરમાર્થરૂપે તો ભગવાનના મુખકમળથકી નીકળે છે, અને સૂત્રરૂપે ગણધરનાં વદનકમળથી નીકળે છે. એવા સૂત્ર–અર્થરૂપ શાસ્ત્ર ગણધર પ્રમુખ આચાર્ય પરંપરાથી ચાલી આવેલ હોવાથી તે 'આગમ' કહેવાય છે. તે શાસ્ત્ર-આગમવગર બીજું કંઇ હિત નથી. અવિનીત–વિનયહીન યા દુર્વિનીત–સ્વેચ્છાચારીને શાસ્ત્ર લાભ થઇ શકતો નથી: આચાર્યાદિકની સેવા ભક્તિવડે વિનીત–વિનયવંત શાસ્ત્રલાભ મેળવી શકે છે. તેટલા માટે શાસ્ત્રાગમનો લાભ લેવા ઇચ્છનારે વિનીત થવું જોઇએ.

' અનેક ગુણ વિદ્યમાન સતે વિનય ગુણજ પરમ ભૂષણરૂપ છે પણ બીજા કુળ, રૂપ, સૌભાગ્યાદિક શોભારૂપ નથી એમ શાસ્ત્રકાર યુક્તિસર સમજાવે છે. '

ક્ષત્રિય પ્રમુખ કુળ હોય; શરીરનાં અવયવ લક્ષણોપેત સારી રીતે ગોઠવાયેલાં હોય; વચનમાં મીઠાશ, પ્રિયતા, અને અસ્ખલિત ભાષણ કરવાની શક્તિ હોય; યૌવન વય હોય; સુવર્ણ, મણિ, મોતી, પ્રવાલાદિ પ્રચુર ધન હોય; વિશ્વાસપાત્ર મિત્રવર્ગ હોય અને અનેક દાસ દાસી પ્રમુખ પોતાની આજ્ઞામાં વર્તતા હોય, એ વિગેરે સંપદા પુરૂષને પ્રાપ્ત થયેલી હોય તોપણ તે ઉચિત વિનય અને સમભાવવગર નિર્જળ નદીની પેરે શોભતી નથી. જેમ જળ વગરની નદી મ્હોટી ખાડની પેરે અળખામણી લાગે છે તેમ પુરૂષ પણ વિનયરહિત ગમે તેટલી બીજી સંપદા પામ્યો હોય તેમ છતાં શોભા પામતો નથી; એટલુંજ નહિ પણ તે બીજાને અળખામણો થઇ પડે છે. મહા મુલ્યવાળાં વસ્ત્ર આભરણોવડે ભૂષિત પુરૂષ જે કાંઇ શોભા પામે છે, તેથી બહુ ગણી ઉત્તમ શોભા શ્રુત ( જ્ઞાન ) અને શીલ ( સદાચરણ ) ભૂષિત સુવિનીત સાધુ પામે છે. જે સુવિનીત હોય તેનાંજ જ્ઞાન અને સદાચરણ પ્રમાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ કસોટીથી સુવર્ણની પરીક્ષા કરાય છે તેમ વિનય ગુણથી સામાનાં જ્ઞાન અને આચાર ઓળખાય છે. વિનય ગુણવડે તે જ્ઞાન આચાર સાર્થક છે અને વિનય વગરનાં તે નિરર્થક છે. મતલબ કે વિનય ગુણ બીજા બધા ગુણનું મૂળ છે. વિનય ગુણયુક્ત શ્રુત શીલવાન સાધુ જેટલી શોભા પામે છે તેટલી શોભા દેદીપ્યમાન વસ્ત્ર આભરણથી અલંકૃત પુરૂષ પામી શકતો નથી. ૬૬–૬૮.

गुर्वायत्ता यस्माच्छास्त्रारम्भा जवन्ति सर्वेऽपि ।
तस्माद्गुर्वाराधनपरेण हितकांक्षिणा जाव्यम् ॥ ६ए ॥
धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो वचनसरसचन्दनस्पर्शः ॥ ७० ॥
दुष्पतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।
तत्र गुरुरिहामुत्र च सुदुष्करतरप्रतीकारः ॥ ७१ ॥

**ભાવાર્થ**—જે કારણ માટે સર્વ શાસ્ત્રારંભ ગુર્વાધીન છે તે કારણ માટે આત્માર્થી જીવે ગુરૂમહારાજનું આરાધન કરવા તત્પર થવું. અહિત તાપને શમાવનાર ગુરૂમુખ મલયથી નીકળેલા વચનરૂપ સરસ ચંદનનો સ્પર્શ કોઇ ધન્ય કૃતપુણ્યને થાયછે. આ લોકને વિષે માતા, પિતા, સ્વામી અને ગુરૂનો બદલો વાળવો બહુ મુશ્કેલ છે; તેમાં પણ ગુરૂમહારાજના ઉપકારનો બદલો તો આ લોક ને પરલોકમાં અત્યંત મુશ્કેલીથી વળી શકે છે. ૬૯--૭૧

**વિવેચન**—શાસ્ત્રાર્થનું પ્રતિપાદન કરે તે ગુરૂ કહેવાય છે, અને શાસ્ત્ર પઠન, તથા અર્થશ્રવણની પ્રવૃત્તિ તેમજ કાલગ્રહણાદિક સકલ શાસ્ત્રારંભ ગુર્વાધીન છે. તેથી સ્વહિત સંપાદન કરવા ઇચ્છનારે સદાય ગુરૂ મહારાજની ચરણસેવામાં રસિક થવું યુક્ત છે.

" ગુરૂ મહારાજ હિત શિખામણ આપે ત્યારે વિચારવું કે હું ધન્ય કૃતપુણ્ય છું કેમકે ગુરૂ મહારાજ મારી ઉપર અનુગ્રહ કરે છે ઇત્યાદિક બતાવે છે. "

ઉત્સૂત્ર શાસ્ત્રવિરૂદ્ધ આચરણ એજ અહિતરૂપ તાપ; તેને ઉપશાન્ત કરનાર ગુરૂમહારાજના મુખરૂપ મલયપર્વતમાંથી નીકળેલાં શીતળ વચનરૂપ સરસ ચન્દનનો સ્પર્શ કોઇક વિરલા પુણ્યશાળી જીવોને જ થાય છે. જેમ સરસ ચંદનના દ્રવથી જીવને લાગેલો તાપ શમી જાય છે તેમ ગુરૂ મહારાજનાં સ્નેહયુક્ત પ્રેમાળ શાન્ત વચનોવડે ભવ્ય જનોનો અહિત તાપ ઉપશમે છે, એટલે તેઓ અહિત આચરણ તજી હિત આચરણ સેવી સુખી થઇ શકે છે. એ ઉપકાર શ્રી ગુરૂમહારાજનોજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" એવી રીતે હિતોપદેશવડે અનુગ્રહ કરતા ગુરૂ મહારાજનો શો બદલો શિષ્યવર્ગે વાળવો તે કહે છે. "

આ લોકમાં માતા, પિતા, સ્વામી અને ગુરૂ એ બધા ઉપગારી છે. માતા પોતે અનેક કષ્ટ સહીને બાળકને ઉછેરી મ્હોટું કરે છે તેથી તેમજ તેને ઇચ્છિત વસ્તુ આપવાવડે ઉપકારી છે. પિતા પણ હિતોપદેશ દેવાવડે તેમજ ભોજન વસ્ત્રાદિક હાજતો પૂરી પાડવાવડે ઉપગારી છે. રાજા પ્રમુખ સ્વામી સેવકોનું અનેક રીતે પરિપાલન કરવાવડે ઉપગારી છે. સેવકો જો કે સ્વામીને માટે પ્રાણત્યાગ પણ કરે છે, પરંતુ તે તો સ્વામીએ કરેલા ઉપકારના બદલા તરીકે જ કરે છે; તેથી સ્વામીનો ઉપકાર અધિક ગણાય છે, અને આચાર્યાદિક ગુરૂ મહારાજ તો સન્માર્ગદર્શક હોવાથી, શાસ્ત્રાર્થદાયક હોવાથી તેમજ સંસાર સાગરથી પાર ઉતારવા પુષ્ટાવલંબન રૂપ હોવાથી આ લોકમાં તેમજ પરલોકમાં એટલા બધા ઉપગારી છે કે તેનો કોઇ રીતે બદલો વળી શકે તેમ નથી. તેવા પરમ ઉપગારી ગુરૂ મહારાજનો બદલો કોટિ ભવે પણ વળવો દુષ્કર છે. ૬૯--૭૧

" હવે વિનયનું અનુક્રમે છેવટ મોક્ષરૂપ ફળ દર્શાવતા સતા કહે છે. "

विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥७२॥
संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दृष्टम् ।
तस्मात्क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥ ७३ ॥
योगनिरोधाद्भवसंततिक्षयः संततिक्षयान्मोक्षः ।
तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥ ७४ ॥

**ભાવાર્થ**—વિનયનું ફળ શુશ્રૂષા ( સાંભળવાની ઇચ્છા ) રૂપ છે. ગુરૂની શુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે, જ્ઞાનનું ફળ વિરતિ ( સંયમ ) રૂપ છે અને સંયમનું ફળ આશ્રવ નિરોધ ( સંવર ) રૂપ છે. સંવરનું ફળ તપોબળ છે અને તપનું ફળ નિર્જરા ( દેશથી કર્મક્ષય ) જણાવેલું છે, તેથી ક્રિયાની નિવૃત્તિ અને ક્રિયાનિવૃત્તિથી અયોગીપણું ( યોગ નિરોધ ) થાય છે. યોગ નિરોધથી ભવની પરંપરાનો ક્ષય અને ભવ પરંપરાના ક્ષયથી મોક્ષ થાય છે, તે માટે સર્વ કલ્યાણનું સ્થાન વિનય છે. ૭૨--૭૪.

**વિવેચન**—જે ગુરૂમહારાજ ઉપદેશે તે સાંભળવાની ઇચ્છા અને સાંભળીને તે મુજબ વર્તવું તે વિનયનું ફળ છે. વિનયપૂર્વક શાસ્ત્રશ્રવણ કરવાથી શ્રુતજ્ઞાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થાય છે. સમ્યગ્જ્ઞાન (અને શ્રદ્ધા) વડે દેશ વિરતિ તથા સર્વ વિરતિની પ્રાપ્તિ થાય છે, અને વિરતિવડે આવતાં નવાં કર્મનો અટકાવ થાય છે, એટલે સંવરની પ્રાપ્તિ થાય છે. સંવરથી તપબળ પ્રાપ્ત થાય છે. તપયોગે કર્મનું પરિશાટન (નિર્જરા) થાય છે. નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે, અને ક્રિયાની નિવૃત્તિથી યોગનિરોધવાળા બની અયોગી થવાય છે. યોગનિરોધથકી જન્મ, જરા, મરણ, પ્રબન્ધ લક્ષણ નરકાદિ ભવ સંતતિનો આત્યંતિક ક્ષય થાય છે. અને જન્મ મરણની પરંપરાનો ક્ષય થવાથી ઐકાન્તિક અને આત્યન્તિકાદિક ગુણયુકત સ્વાત્મ સ્થિતિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી પરંપરાએ સર્વ કલ્યાણોનું ભાજન વિનય છે. અર્થાત્ વિનય ગુણવડે ઉત્તરોત્તર સર્વ શ્રેય સધાય છે અને સમસ્ત ક્લેશનો સર્વથા ક્ષય કરી, અક્ષય અનંત અવ્યાબાધ એવું મોક્ષસુખ પ્રાપ્ત થાય છે; ૭૨–૭૪.

"પરંતુ જે અવિનીત છે તેમને કેવો ફળવિપાક વેદવો પડે છે તે કહે છે."

**विनयव्यपेतमनसो गुरुविद्वत्साधुपरिभवनशीलाः ।**
**त्रुटिमात्रविषयसङ्गादजरामरवन्निरुद्विग्नाः ॥ ७५ ॥**
**केचित्सातर्द्धिरसातिगौरवात्सांप्रतेक्षिणः पुरुषाः ।**
**मोहात्समुद्रवायसवदामिषपरा विनश्यन्ति ॥ ७६ ॥**

**ભાવાર્થ**—વિનય શૂન્ય મનવાળા અને ગુરૂ, વિદ્વાન તથા સાધુઓનો પરાભવ કરનારા, રંચમાત્ર વિષયની પ્રાપ્તિથી અજરામરવત્ નિર્ભય બનેલા, રસગારવ, રિદ્ધિગારવ અને શાતાગારવથી આગળ પાછળનો વિચાર નહીં કરનારા અને વર્તમાન સુખનેજ જોનારા કેટલાએક પુરૂષો મોહથી માંસલોલુપી સમુદ્રવાયસની પેરે વિનાશને પામે છે. ૭૫–૭૬.

**વિવેચન**—પૂર્વોક્ત વિનય શૂન્ય મનવાળા તથા આચાર્યાદિક ગુરૂ જનોનો, ચૌદપૂર્વ વિગેરેના અર્થ જાણનારા જ્ઞાની જનોનો, તેમજ રત્નત્રયીવડે મોક્ષને સાધનારા સાધુજનોનો પરાભવ–અનાદર કરવાવાળા (અવિનીત જનો) એક રંચમાત્ર વિષયસુખના સંગથી તેનું પરિણામ નહિ વિચારતા જાણે પોતે જન્મ મરણથી મુક્ત થયા હોય તેમ પોતાને નિર્ભય માનતા ફરે છે.

"એજ વાતને વધારે સ્પષ્ટ કરે છે."

વળી મોહ–અજ્ઞાનવશ કેટલાક પરમાર્થના અજાણ લોકો અનેક પ્રકારની સુખશીલતા, અનેક પ્રકારની પરિગ્રહ મમતા, અનેક પ્રકારની રસગૃદ્ધિમાં આસક્ત બની વર્તમાન સુખનીજ ગવેષણા કરતા સતા આમિષ (માંસ) માં લુબ્ધ થયેલા સમુદ્ર વાયસ (કાગ)ની પેરે વિનાશ પામે છે. યથા–એકદા કોઇ એક મરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયેલા હાથીનું કલેવર જોઈ તેના માંસમાં લોલુપી બની એક કાગડો તે હાથીની ગુદાદ્વારા તેમાં પેઠો. સમુદ્રમાં તણાતા તે હાથીના કલેવર આશ્રિત રહેતો તે કાગ અંતે હાથીના અપાનદ્વારા બાહાર નીકળ્યો, પણ ક્યાંય વિશ્રાંતિયોગ્ય સ્થાન નહિ હોવાથી તે સમુદ્રમાંજ ડુબી મૂઓ. એવી રીતે મોહ–અજ્ઞાનવશ વિવિધ રસ, રિદ્ધિ અને શાતા ગારવમાં લુબ્ધ બનેલા જીવો રાગદ્વેષયોગે નિબિડ કર્મ બાંધી ચાર ગતિરૂપ સંસારસમુદ્રમાં રઝળી મરે છે. ૭૫–૭૬

ते जात्यहेतुदृष्टान्तसिद्धमविरुद्धमजरमभयकरम् ।
सर्वज्ञवाग्रसायनमुपनीतं नाभिनन्दन्ति ॥ ७७ ॥

**ભાવાર્થ**—તેઓ ખરા હેતુ અને દૃષ્ટાન્તથી સિદ્ધ, અવિરૂદ્ધ, અજર અને અભયકારી એવું સર્વજ્ઞ પ્રભુની વાણીરૂપ રસાયન સમીપ છતાં આદરતા નથી. ૭૭.

**વિવેચન**—એવી રીતે રસ, રિદ્ધિ અને શાતા ગારવમાં ગૃદ્ધ બનેલા જીવોને સત્ય ( અવ્યભિચારી ) હેતુઓ તથા અનેક દૃષ્ટાંત ( ઉદાહરણો ) વડે પ્રસિદ્ધ, અવિરૂદ્ધ, અક્ષીણ ( અખૂટ ) અને ક્ષુદ્રોપદ્રવને નાશ કરી નાખનાર એવું સર્વજ્ઞ પ્રવચનરૂપ રસાયન આપ્યું હોય તેમ છતાં તેમને લગારે રૂચતું નથી. સંપૂર્ણ દોષહર અને સંપૂર્ણ સુખકર એવું સર્વજ્ઞ દેશિત શાસ્ત્રરૂપ રસાયન પણ ઉક્ત પામર જનોને પસંદ પડતું નથી. તેજ વાતને શાસ્ત્રકાર દૃષ્ટાન્તવડે સિદ્ધ કરી બતાવે છે. ૭૭

यद्वत्कश्चित् क्षीरं मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।
पित्तार्दितेन्द्रियत्वाद्वितथमतिर्मन्यते कटुकम् ॥ ७८ ॥
तद्वन्निश्चयमधुरमनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।
तथ्यमवमन्यमाना रागद्वेषोदयोद्वृत्ताः ॥ ७९ ॥
जातिकुलरूपबललाभबुद्धिवाल्लभ्यकश्रुतमदान्धाः ।
क्लीबाः परत्र चेह च हितमप्यर्थं न पश्यन्ति ॥८०॥

**ભાવાર્થ**—જેમ કોઈ પિત્ત પ્રકોપથી વિપરીત મતિવાળો મધ અને સાકરથી સારી રીતે સંસ્કારેલ મનોહર ક્ષીરભોજનને કડવું લેખે છે, તેમ રાગદ્વેષના ઉદયથી ઉદ્ધત–ઉન્મત્ત બનેલા જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વલ્લભતા અને શ્રુતમદથી અંધ થયેલા નામર્દો નિશ્ચયે કરીને મધુર તથા અનુકંપાએ કરીને ઉત્તમ પુરૂષોએ ઉપદેશેલાં હિતકારી સત્ય વચનોને અણઆદરતા આ લોક તથા પરલોકમાં હિતકારી માર્ગને પણ જોઈ શકતા નથી. ૭૮–૮૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—જેવી રીતે મધુ–શર્કરા ( સાકર )વડે સારી રીતે સંસ્કારિત કરેલું મજેનું દૂધ હોય છતાં પિત્તના પ્રકોપથી જેની મતિ વિપરીત થયેલી છે તેવો માણસ તે ( દૂધ )ને કડવું માને છે, તેવી રીતે ભવ્યજનોની ભાવદયાવડે ( કેમે કરી જનસમુદાય દ્રવ્ય ભાવથી સુખી થાય એવી ભાવ કરૂણાથી ) તીર્થંકર ગણધર જેવા સમર્થ જ્ઞાની પુરૂષોએ ભાખેલાં પરમાર્થથી મિષ્ટ અને હિતકારી એવાં સત્ય વચનોનું તીવ્ર રાગ દ્વેષ–કષાયના ઉદયથી સ્વેચ્છાચારી બની અપમાન કરતા ( દ્રવ્ય ભાવથી સુખદાયી વચનોનું ઉલ્લંઘન કરી કેવળ આપમતિથી ઉચ્છૃંખલ બની મોજમાં આવે તેમ ચાલતા ) અને જાતિ, કુળ, રૂપ, બળ, લાભ પ્રમુખ આઠ પ્રકારનાં દુર્ધર મદથી મદોન્મત્ત બનેલા પામર પ્રાણીઓ પૂર્વ મહાપુરૂષદેશિત સર્વત્ર સુખદાયી સાચા અર્થને કંઇ પણ સમજી શકતા નથી. તેથીજ પરિણામે તેમની દુર્દશા બને છે.૭૮–૮૦

અપૂર્ણ.

# गृहस्थनां कर्तव्यो.

( અનુસંધાન પૃષ્ટ ૨૫ થી )

( બાવીશમા વાક્યનું વિવરણ ચાલુ. )

કાયાની અશુદ્ધિ શરીરવડે કોઇ પણ જાતની કુચેષ્ટા કરવી, કોઇ જીવની હિંસા કરવી, પાપકાર્યમાં પ્રવૃત્તિ કરવી, પરસ્ત્રીસેવનાદિ ઉન્માર્ગે પ્રવર્તવું, વ્યસનો સેવવાં, શરીરને અજયણાએ પ્રવર્તાવવું, તેની પરિપાલના–પોષણા માટે અનેક પ્રકારના આરંભો કરવાં, પાંચે ઇંદ્રિઓના વિષયો સેવવામાં આસકત થવું ઇત્યાદિ અનેક પ્રકારે થાય છે. તેની શુદ્ધિને માટે તેથી વિરૂદ્ધ વર્તન કરવું, જયણાપૂર્વક હાલવું ચાલવું, નિષ્કારણ કોઇ ઝીણા જંતુઓની કે સ્થાવરોની પણ વિરાધના ન કરવી, પ્રમાદાચરણ ન સેવવું, પાપકાર્યથી પાછા ઓસરવું, દ્યુત, પારાધીપણું, પરસ્ત્રી સેવન, ચોરી વિગેરે વ્યસનો તજી દેવાં, અભક્ષ ભક્ષણ ન કરવું, ઇંદ્રિયોનાં વિષયો સેવવામાં આસકિત ઘટાડવી, શરીરના પોષણમાટે પાપકારી આરંભો ન કરવા, ઉત્તમ કાર્યોમાં શરીરનો ઉપયોગ કરવો, તીર્થયાત્રા કરવી, સન્માર્ગે પ્રવર્તવું, ગુરૂવંદન, પ્રતિક્રમણ, દેવપૂજાદિ ઉત્તમ કરણીઓ કરવાવડે અસાર દેહમાંથી પણ સાર ગ્રહણ કરવો; એથી તેની અશુદ્ધિ દૂર થાય છે અને શુદ્ધિમાં વૃદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુધર્મની યોગ્યતાના ઇચ્છકે આ પ્રમાણે ત્રણે યોગની શુદ્ધિમાં પ્રવૃત્તિ–પ્રયત્ન કરવો. જે પ્રાણી તેની શુદ્ધિમાં પ્રયત્ન કરે છે તેને તે તે યોગની શુદ્ધિ થવા ઉપરાંત દિનપરદિન, ભવે ભવે નિર્મળ મન, પવિત્ર વાણી અને સુંદર દેહની પ્રાપ્તિ થાય છે. તેથી ઉત્તરોત્તર તેની વધારે વધારે શુદ્ધિ થતી જાય છે. કર્મમળ ઘટતો જાય છે તેથી આત્મા પણ નિર્મળ થતો જાય છે. જ્ઞાનાદિકના આવરણ ઘટતા જાય છે તેથી ઉજ્વળ બોધ થાય છે, ઉજ્વળ બોધવડે સમકિતની શુદ્ધિ થાય છે અને જ્ઞાન-દર્શન બે ગુણ પ્રાપ્ત થયા એટલે ચારિત્રને રોકનાર મોહનીય કર્મ પણ પાતળું પડે છે. તેથી ચારિત્રના આવરણ નાશ પામી ચારિત્ર ગુણ પ્રગટે છે. એટલા માટેજ આ વાક્યમાં સાધુધર્મની યોગ્યતા મેળવનારને યોગશુદ્ધિમાટે પ્રયત્ન કરવાનું ખાસ બતાવવામાં આવ્યું છે. બીજા બધા વાક્યો કરતાં આ વાક્ય બહુ ગંભીર અર્થથી ભરેલું છે; પરંતુ લેખવૃદ્ધિ વિશેષ ન કરવામાટે આટલામાંજ પતાવવામાં આવ્યું છે. આટલું રહસ્ય પણ તેના ઇચ્છકમાટે ઘણું છે.

ત્યાર પછી ત્રેવીશમું વાક્ય **कारयितव्यं जगवद्भुवनबिम्बादिकं**=જિન-ચૈત્ય અને જિનબિંબાદિક કરાવવાં એ કહેલું છે. મુનિધર્મની યોગ્યતા મેળવવામાટે પ્રથમ શ્રાવકપણાના કર્તવ્યની પરિસમાપ્તિ સુધી–હદ સુધી પહોંચવું જોઇએ. શ્રાવકનું એ ખાસ કર્તવ્ય છે કે તેણે પોતાની શકિતના પ્રમાણમાં ઉદાર ચિત્ત રાખીને શાસ્રોકત વિધિમુજબ જિનચૈત્ય નવું કરાવવું અથવા ગૃહચૈત્ય કરવું, મોટા ચૈત્યનો જીર્ણોદ્ધાર કરવો, નવા જિનબિંબ ભરાવવા અથવા પ્રાચીન જિનબિંબ મેળવી તેની સ્વકૃત્યચૈત્યમાં અથવા શ્રીસંઘકૃત ચૈત્યમાં પ્રતિષ્ઠા–સ્થાપના કરવી. તે પ્રસંગે મહાન્ ઉત્સવાદિ કરી જિનશાસનની ઉન્નતિમાં વૃદ્ધિ કરવી. આ કૃત્ય પારાવાર પુણ્યબંધનું કારણ છે. પોતે કરાવેલ ચૈત્યમાં અનેક પ્રસંગે પોતાથી તેમજ અન્ય શ્રાવકભાઇઓથી પૂજા મહોત્સવાદિ થાય છે. દરરોજ અનેક જૈન બંધુઓ પૂજાભકિત કરવાનો લાભ લે છે. પોતે ભરાવેલા અથવા સ્થાપેલા જિનબિંબની પોતે પ્રસંગે પ્રસંગે વિશેષ પ્રકારે આંગી પૂજાભકિત કરે છે, અન્ય ભાઇઓ પણ કરે છે, તે સર્વમાં કરનાર તરીકે અને કરવાનું કારણ મેળવી આપનાર તરીકે પોતે પુણ્યનો ભાજન થાય છે. આ ભવમાં તો શું પણ આગામી ભવે પણ પોતાની કરેલી તે શુભકરણી અનુમોદવાથી પુન્ય સંચયમાં વૃદ્ધિ થાય છે. આ કાળમાં જિનાગમ ને જિનબિંબજ પરમ ઉપકારી છે; તેનુંજ ભવ્યજીવને ખરેખરૂં આલંબન છે, તેનાવડેજ ભવશ્રેણી ઘટાડી શકાય છે અને સંસાર પરિત્ત થાય તેમ છે. સાક્ષાત્ જિનેશ્વરનો તેમજ કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની કે શ્રુતકેવળીનો આ કાળે આ ક્ષેત્રમાં વિરહ છે. તે સર્વના અભાવે જિનાગમ ને જિનબિંબ તેની ગરજ સારે તેમ છે. પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્માએ આપણાપર શુદ્ધ ઉપદેશ આપીને-સંસારસમુદ્રથી પાર ઉતરવાને માર્ગ બતાવીને આપણી ઉપર પારાવાર ઉપકાર કરેલો છે. તેનો બદલો તો વળી શકે તેમ છેજ નહીં; પરંતુ તેમની પ્રતિમાની સેવાભક્તિ કરવાથી આપણે કૃતજ્ઞની પંક્તિમાં દાખલ થઇ શકીએ તેમ છે. તે સાથે આપણા આત્માને નિર્મળ કરવાનું તે પરમ સાધન છે. કોઇ પણ વિવાદવિનાનું-સંશય વિનાનું-એકાંતહિત કરે તેવુંજ એ સાધન છે. જિનેશ્વરમાં ને જિનપ્રતિમામાં જો ખરા ભક્તિભાવથી જુઓ તો કિંચિત્ પણ અંતર નથી. તે બંનેની ભક્તિ સરખું ફળજ આપે છે; પરંતુ તેમાં તથાપ્રકારની ભાવવિશુદ્ધિ હોવી જોઇએ. આપણા ભાવની ખામીને લઇને આપણે ઓછું ફળ પામીએ તો તેમાં કાંઈ સાધનની ખામી નથી.

આધુનિક સમયમાં નવી રોશનીવાળા તેમજ કઠણ અથવા કૃપણ હૃદયવાળા જુના માણસો પણ નવા નવા જિનચૈત્યો કરાવવાની બાબતમાં વિરૂદ્ધ વિચાર આપવાને આગળ પડતા જણાય છે; પરંતુ આ મહાન્ ગ્રંથકાર તો તેને આવશ્યક કર્તવ્ય તરીકે બતાવે છે તેનું કેમ ? અલબત્ જ્યાં જિનમંદિર મોટી સંખ્યામાં હોય ત્યાં અન્ય શ્રાવક ભાઇઓમાટે વધારે ચૈત્યની અપેક્ષા નથી, તેમજ અભિમાન બુદ્ધિથી-નામ રાખવાના વિચારથી કરાવવાની જરૂર નથી, પણ જેના પોતાના ભાવ જિન-ભક્તિમાં ઉલસાયમાન થાય તે બીજા સર્વ કાર્ય કરતાં જિનભક્તિનેમાટે નવું ચૈત્ય કરાવવાનેજ ઇચ્છે તો તેમાં કાંઇ દોષવાળું કે વાંધાવાળું કાર્ય નથી. આત્મસાધનને માટે-આત્માના હિતને માટે શાસ્ત્રકારે-પરમાત્માએ અનેક સાધનો બતાવ્યાં છે, તેમાંનું જિનચૈત્ય કરાવવાં એ પરમ સાધન છે-અસાધારણ સાધન છે. શ્રેણીબંધ પુણ્ય પ્રાપ્ત કરાવનાર છે. તેમાં એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બનતાસુધી જે ગામમાં જે સ્થળે એવું સાધન ન હોય ત્યાં જો કરી આપવામાં આવે અથવા એક ચૈત્ય ઉપર પુષ્કળ રકમ ખર્ચવા કરતાં એવા દશ ગામવાળાને તેવું સાધન જોડી આપવામાં આવે તો તેમાં ફળપ્રાપ્તિ વિશેષ થવાનો સંભવ છે; માટે વણિક્ બુદ્ધિથી જે રીતે વધારે લાભ થાય તે રીતે કીર્ત્તિ કે નામનાની વાંછા તજી દઇને આ કાર્યમાં પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. જો કે તેથી તેને કીર્ત્તિ કે યશની પ્રાપ્તિ પણ થયા શિવાય તો રહેવાનીજ નથી પરંતુ ઇચ્છા અનિચ્છામાં મોટો તફાવત છે.

આ પ્રસંગે એક વાત જણાવવાની એ છે કે જેઓ આત્મહિતની પ્રાપ્તિના પ્રબળ આલંબન તરીકે જિનચૈત્યાદિનો સ્વીકાર કરતા નથી તેઓ પરમ ઉપકારી પરમાત્માનો ઉપકાર શી રીતે માને છે ? તેને કેવી રીતે સંભારે છે ? પોતાનું કૃતજ્ઞપણું કેવી રીતે સફળ કરે છે ? ટુંકામાં કહીએ તો સાક્ષાત્ પ્રભુતો તેમને આ કાળમાં મળવાના નથી; પરંતુ તેમનાં પ્રતિબિંબ જેવી મૂર્ત્તિ ઉપર આ ભવમા અભાવ લાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી–અભાવની વાસના દૃઢ થઇ જવાથી આગામી ભવે કદિ સાક્ષાત્ પ્રભુ મળશે ત્યારે પણ તે તેને ઓળખવાના નથી અને તેનાપર અભાવજ ઉત્પન્ન થવાનો છે. જરા ટુંકું દૃષ્ટાંતજ ધ્યાનમાં રાખજો કે જે માણસનો ફોટો કે છબી જોઇને તમને બહુ માન નહીં આવે–તીરસ્કાર ઉપજશે–તેનું અપમાન કરવાની વૃત્તિ થશે, તો પછી તે માણસ સાક્ષાત્ મળશે ત્યારે તેને જોઇને તમને બહુમાન શેનુંજ ઉપજશે? તેનાપર ભાવ શેનો આવશે? જરૂર તીરસ્કારજ ઉપજશે, માટે આ વાત માધ્યસ્થ-વૃત્તિથી અવશ્ય વિચારવાયોગ્ય છે.

સિદ્ધર્ષિગણિ જેવા મહાત્મા જ્યારે સાધુપણાની યોગ્યતા મેળવવાને ઇચ્છનાર ગૃહસ્થના કર્તવ્ય તરીકે જિનચૈત્ય અને જિનબિંબાદિ કરવાનું સૂચવે છે ત્યારે પછી તેમાં વિસંવાદનો અવકાશજ નથી. માટે જો મુનિપણું મેળવવાની ઇચ્છા થતી હોય, મુનિપણાવડેજ મોક્ષપ્રાપ્તિ માનવામાં આવતી હોય તો પછી તેના કારણતરીકે આ કાર્ય અવશ્ય કરવાયોગ્ય છે.

ત્યાર પછી ચોવીશમું વાક્ય **लेखनियं भुवनेशवचनं**=ત્રિલોકેશ શ્રી જિનેશ્વરના વચનો લખાવવાં એ કહેલું છે. પરમાત્માએ સમવસરણમાં બીરાજી જે વચનો ઉપદિશ્યા અને ગણધર મહારાજાએ જે વચનો દ્વાદશાંગીમાં ગુંથ્યા તે વચનો ઉત્તરોત્તર ઘટતા ઘટતા અત્યારે–વર્ત્તમાનકાળે જેટલા વિદ્યમાન હોય તેટલા લખાવવા એ શ્રાવકનું ખાસ કર્તવ્ય છે. કારણકે આ કાળના જીવો અલ્પબુદ્ધિમાન્ હોવાથી પુસ્તકના સાધન શિવાય તે વચનો સ્મરણમાં રાખી શકે તેમ નથી. ભગવંતના વચનો અતિ ગંભીરાર્થવાળા હોવાથી સમુદ્ર સરખી બુદ્ધિવાળા મહાત્માઓએ તેને ટકાવી રાખવા-માટે–સાચવી રાખવામાટે સિદ્ધાંતો ઉપર પંચાંગીની રચના કરી, અકેક ભાવ લઇને અનેક ગ્રંથો રચ્યા, પ્રકરણો રચ્યા, ઉત્તમ પુરૂષોના ચરિત્રો અનુકરણલાયક સમજીને તે જાળવી રાખવાસારૂ ચરિત્રો રચ્યા, આધુનિક સમયના અલ્પજ્ઞ જીવોના હિતમાટે તેના પરથી રાસો રચાયા, આ સર્વે જિનવાણીનાજ નિઝરણા છે, તેનાજ અંશ છે, તેનાજ વિભાગ છે, એમાં કર્ત્તાના ઘરનું કાંઇ નથી. બધુ પરમાત્માની વાણીનુંજ રહસ્ય છે. તે પણ અનંતમે ભાગે ગુંથાયેલું–રચાયેલું છે; માટે તેમાંનું જે કાંઇ અ-વિપરિત ભાવવાળું પ્રતિષ્ઠિત પુરૂષનું રચેલું હોય તે સર્વ લખાવવા યોગ્ય–જાળવી રાખવાયોગ્ય જાણી તે લખાવવાનું ગૃહસ્થનાં કર્તવ્ય તરીકે આ વાક્યમાં સૂચવવામાં આવ્યું છે.

અગાઉના વખતમાં મુનિઓ અને યતિઓ પોતાના હાથે સિદ્ધાંતાદિ લખતા હતા, લહીઆઓની છત હોવાથી તેમની પાસે લખાવતા હતા, અને પરસ્પર મેળવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ કરતા હતા, હાલમાં પ્રમાદ અવસ્થા વધી જવાથી તેમાંનું બહુ ઓછું બની શકે છે તે સાથે છપાવાનું કામ વધી પડવાથી પણ લખાવવા તરફ ઉપેક્ષા ભાવ આવી ગયો છે; પરંતુ એટલું ખાસ યાદ રાખવાનું છે કે છપાવવાનું કામ વધી પડતાં આશાતનાનું કામ પણ વધી પડયું છે, તેથી જેમ બને તેમ આશાતના ઓછી થાય તેનો વિચાર કરવાની બહુ જરૂર છે. તે સાથે છપાવવાનું કામ વધી પડતાં તેનો આદર, બહુમાન ને સંભાળ પણ ઘટી ગયેલ છે તે વધારવાની જરૂર છે. ઉપરાંત એટલું પણ યાદ રાખવાની જરૂર છે કે છાપેલ પુસ્તકની સ્થિતિ દીર્ઘકાલિન નથી—અલ્પકાલિન છે, અને લખેલાં પુસ્તકો સારા દેશી બનાવટના કાગળ ઉપર સારી રૂશનાહીથી લખાવેલ હોય અને શરદી વિગેરે ન લાગે તેવી રીતે સાચવવામાં આવે તો તેની સ્થિતિ છાપેલ કરતાં ઘણીજ વિશેષ છે. સેંકડો ને હજારો વર્ષોના લખેલા પુસ્તકો અત્યારે મળી શકે છે; તેવી રીતે છાપેલા મળવાના નથી—મળી શકતા પણ નથી. માત્ર એમાં મોટો લાભ એ છે કે છાપેલા પુસ્તકનો ઉપયોગ ઘણા શ્રાવકો ને સાધુઓ સહેલાઇથી લઇ શકે છે, એકવાર શુદ્ધ કરવાથી તમામ પ્રતો શુદ્ધ થઇ જાય છે, કિંમત અલ્પ બેસવાથી સામાન્ય સ્થિતિવાળા પણ ખરીદી શકે છે, એક સરખી શુદ્ધતા પ્રવર્તે છે ઇત્યાદિ લાભો છે, પરંતુ તેમાં જે હાનિના પ્રકાર છે તે તદ્દન ભૂલી ન જતાં હાનિ ઘટે ને લાભ વધે એવી સાધ્યદૃષ્ટિ રાખવાની જરૂર છે. અહીં તો મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકમાટે ખાસ એમ કહેવામાં આવેલ છે કે તેમણે જિનેશ્વર કથિત સિદ્ધાંતો લખાવવા માટે યથાશક્તિ તે વાકયને અનુસરવું તેજ યોગ્ય છે. તેમાં હાનિ બીલકુલ નથી, એકાંત લાભજ છે.

ત્યાર પછી પચ્ચીશમું વાક્ય **कर्तव्यो मंगलजपः**=નવકાર મહામંત્રનો મંગળમય જાપ કરવો—એ કહેલું છે. મંગળ જાપ નવકાર મંત્રનો જ કહેવાય છે, કેમકે તે મહામંગળકારી છે, એકાંત હિતકારી છે, પરમ કલ્યાણનું સાધન છે, એના જાપવડે અનેક ભવ્ય જીવો સદ્ગતિના ભાજન થયા છે, ભવસમુદ્રનો પાર પામી ગયા છે, ઐહિક કલ્યાણ પણ એના જાપથી થઇ શકે છે. શારીરિક કષ્ટ પણ વીસરાળ થાય છે. તેના અધિષ્ઠાયક દેવો સહાય કરે છે અને ઉત્તરોત્તર મંગલિકની માળા પ્રાપ્ત થાય છે. નવકાર મહામંત્રમાં પંચ પરમેષ્ટિનો સમાવેશ કરવામાં આવ્યો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સર્વ સાધુ આ પાંચ પદમાં સર્વ ઉત્તમ જીવોનો સમાવેશ થઇ જાય છે. કોઇ બાકી રહેતું નથી. એમાં પ્રથમના પાંચ પદમાં પંચપરમેષ્ટિ ને નમસ્કાર છે ને પાછળના ચાર પદમાં એ પ્રકારના નમસ્કારનું ફળનિર્દિશ્યું છે. કાર્યમાત્ર જીવો ફળપ્રાપ્તિની વાંચ્છાએજ કરે છે. જે કાર્ય કરવાથી શું ફળ પ્રાપ્ત થશે તે જાણવામાં ન હોય તે કાર્ય પ્રાણી કરી શકતા નથી અને કદિ કરે છે તો સંદિગ્ધચિત્તે કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ ચાર પદમાં કહ્યું છે કે—આ પાંચ નમસ્કાર સર્વ પ્રકારના પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળમાં પ્રથમ મંગળ છે, ઉત્કૃષ્ટ મંગળ છે, મંગળનું કાર્ય વિઘ્ન નિવારવાં તે છે. આ ઉત્કૃષ્ટ મંગળ હોવાથી સર્વ પ્રકારનાં કષ્ટનું તે નિવારણ કરી શકે છે.

આ ભવઆશ્રી સાંસારિક કષ્ટો—ઉપાધિઓનો નાશ કરે છે અને પરભવ આશ્રી દુષ્ટ કર્મોનો ઉચ્છેદ કરે છે. આવા મહાન્ લાભદાયી મહામંત્રનો જાપ કરવો તે શ્રાવક ભાઇઓનું આવશ્યક કર્તવ્ય છે. તેમાં પણ મુનિમાર્ગના અભિલાષીઓએ તેનો વારંવાર જાપ કરવા યોગ્ય છે કારણકે તેમાં ચાર પદ તો મુનિપણાના સૂચકજ છે. તીર્થંકરપણું પણ મોક્ષપ્રાપ્તિ અગાઉનું ગણવામાં આવે છે એટલે તે ઉત્કૃષ્ટ મુનિપણુંજ છે. તે વખતે યથાખ્યાત ચારિત્ર વર્તે છે. આચાર્ય, ઉપાધ્યાય ને મુનિ એ ત્રણ તો મુનિપણાનીજ જુદી જુદી ડીગ્રીઓ— પદવીઓ છે. આ મહામંત્રનો જાપ કરવાના અનેક પ્રકાર છે. તે નવકાર મંત્રના કલ્પમાં બતાવેલ છે. તેનો જાપ કરવા માટે અનેક પ્રકારની નવકારવાળીઓ વાપરવામાં આવે છે, અને તે જુદી જુદી આંગળીઓવડે જુદા જુદા હેતુએ ગણાય છે. એ સર્વ વિધિ શ્રાદ્ધવિધિ—હિત શિક્ષાનો રાસ વિગેરેમાં બતાવેલ છે. એ મહામંત્રના જાપથી અનેક જીવો ઐહિક ને આમુષ્મિક સુખ પામ્યા છે; તેના દૃષ્ટાંતો શાસ્ત્રમાં સ્થાને સ્થાને છે. એ નવકાર મંત્રનો તેનું મહાત્મ્ય બતાવનારો રાસ પણ બનેલો છે, અનેક છંદો પણ બનેલા છે. તેના પ્રભાવથી ભીલ ને ભીલડી રાજા રાણી થયા છે, શ્રીમતિને સર્પ મટીને પુષ્પની માળા થઇ છે. શિવકુમારે પોતાને મારવા ઇચ્છતા યોગીનો સુવર્ણ પુરૂષ કર્યો છે. ઇત્યાદિ અનેક જીવોએ એ મહામંત્રના જાપથી અનેક પ્રકારના લાભ મેળવ્યા છે. અંત સમયે પણ જો એ મહામંત્ર સાંભળવામાં આવે—કાનમાં પડે તો તેટલાથી પણ જીવની દુર્ગતિ મટી જાય છે. એવો એનો અચિંત્ય પ્રભાવ છે, તો પછી જેઓ લક્ષપૂર્વક અંતસમયે તેનું સ્મરણ કરે છે અને શ્વાસોશ્વાસની સાથે તેને જોડી દેય છે, તેની ધુન લગાવે છે, તે જીવ પરમ કલ્યાણ ને પરમ સુખ પામે તેમાં તો આશ્ચર્યજ શું છે? આ નવકાર મંત્ર શાશ્વત્ છે. ત્રણે કાળમાં આ ૬૮ અક્ષર તેજ ક્રમે કાયમ રહેનારા છે. મહાવિદેહક્ષેત્રમાં પણ એ પ્રમાણેજ હાલ વર્તે છે. ચૌદ પૂર્વનો સાર છે. દ્વાદશાંગીનું મંગળાચરણ છે. નવપદનો પણ એમાંજ સમાવેશ છે. નવપદના મહિમાથી કહો કે નવકારના મહિમાથી કહો એ બંને એકજ છે. નવપદ—સિદ્ધચક્રમાં પણ પ્રથમ પાંચ એજ છે અને બાકીના ચાર ગુણ છે. ગુણ ગુણી અભિન્નપણે રહે છે. એ ચાર ગુણોવડેજ પ્રથમના પાંચ ગુણી કહેવાયેલા છે તેથી નવપદ ને નવકાર મંત્રમાં કિંચિત્ પણ ભેદ નથી. શ્રીપાલ રાજા ને મયણાસુંદરી જે સુખસંપત્તિ પામ્યા તે સર્વ આ મહામંત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોજ પ્રભાવ છે; તેથી મુનિપણું પ્રાપ્ત કરવાના ઇચ્છક જૈન બંધુઓએ અવશ્ય તેનો જાપ કરવાયોગ્ય છે; એ મંત્રનો નવ લાખ જાપ કરવાથી નર્ક ગતિ નાશ પામે છે અર્થાત્ તે ગતિમાં જવુંજ પડતું નથી. ઇત્યાદિ અનેક લાભો શાસ્ત્રકારે પ્રદર્શિત કરેલા છે તે ધ્યાનમાં લઇને જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે દુર્ધ્યાન ન કરતાં એ મહા-મંત્રનુંજ ધ્યાન કરવા યોગ્ય છે. વૃદ્ધાવસ્થાના વધારે અવકાશવાળા સમયમાં તો જેમ બને તેમ એ મહામંત્રનુંજ વિશેષે રટણ—સ્મરણ—જાપ કરવાની જરૂર છે કે જેથી અંતાવસ્થાએ બીજાઓને તેનું સ્મરણ કરાવવું પડતું નથી, અંતરમાંથીજ એ મહા-મંત્રની ધ્વની ઉદ્ભવે છે. આ કર્તવ્યની શ્રેષ્ટતાને અંગે ઘણું લખી શકાય તેમ છે પરંતુ અત્રે બહુ વિસ્તાર કરવો જરૂરનો નથી એમ જાણી ટુંકામાં તેનું રહસ્ય બતાવવામાં આવ્યું છે.

ત્યાર પછી છવીશમું વાક્ય, **प्रतिपत्तव्यं चतुःशरणं**—ચાર શરણ અંગિકાર કરવા એ કહેલું છે. અરિહંતનું, સિદ્ધનું, સાધુ મુનિરાજનું અને જિનેશ્વર ભાષિત ધર્મનું શરણ કરવું એ ચાર શરણ કહેવાય છે. શરણ જ્યારે કોઇ પણ પ્રાણી દુઃખમાં—કષ્ટમાં—ઉપાધિમાં—સંકટમાં આવી પડે ત્યારે કરે છે; સુખસંપત્તિના ઉપભોગને વખતે કરતા નથી. પરંતુ વાસ્તવિક રીતે વિચાર કરતાં એવો કોઇ સમયજ નથી કે જે વખતે આ પ્રાણી કષ્ટમાં, ઉપાધિમાં કે સંકટમાં પડેલો ન હોય. જુઓ મોટામાં મોટું કષ્ટ મરણનું છે, તે તો આ પ્રાણીને માથે અહર્નિશ ટીંગાઇ રહેલુંજ છે, તે ક્યારે ત્રુટી પડશે તેનો જરા પણ ભરોંસો નથી ત્યારે પછી એવા મહા કષ્ટમાં પડેલા પ્રાણીએ તો અહર્નિશ ચાર શરણ કરવાની જરૂર છે. શરણ એનું લેવામાં—કરવામાં આવે છે કે જે કષ્ટનું નિવારણ કરવાને સમર્થ હોય. ઉપર બતાવેલા ચાર શરણ—ચારે શરણ એવાં છે કે જો તેનું ખરા અંતઃકરણથી શરણ કરવામાં આવે તો તે જન્મ જરા ને મરણ, રોગ વિયોગ ને શોગ ઇત્યાદિ સર્વ પ્રકારના કષ્ટ ઘણા અલ્પ કાળમાં દૂર કરી શકે તેમ છે. એના શરણે આવેલાને કોઇપણ ઉપદ્રવ કરી શકતું નથી. મોહરાજા પણ તેનાથી ડરીને નાશી જાય છે. જ્યારે જ્યારે એનું શરણ કરવામાં આવે ત્યારે ત્યારે તે કષ્ટ માત્રનો નાશ કરી નાખે છે પરંતુ તે શરણ માત્ર અક્ષરના ઉચ્ચાર પૂરતું કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી—થાય તેમ પણ નથી. વળી અંત અવસ્થાએ કોઇના મુખેથી એ શબ્દો કાનમાં પડે તો તેથી પણ ખરી કાર્યસિદ્ધિ થતી નથી પરંતુ અત્યારે વ્યવહારમાં પણ જ્યારે કોઇનું શરણ લેવામાં આવે છે ત્યારે તે જેમ કહે તેમ કરવું પડે છે—તે કહે તેમ વર્તવું પડે છે તોજ શરણે રાખનાર બચાવી શકે છે તે પ્રમાણે આ ચાર શરણને અંગિકાર કરવામાં પણ તેમની આજ્ઞા માનવામાં આવે—તેઓ કહે તેમ કરવામાં આવે—તે કહે તેવું વર્તન રાખવામાં આવે, તેઓ કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા છે તેને સર્વથા સત્ય માનવામાં આવે, તે પ્રકારે વર્તવાને માટે ત્રણ યોગને ત્રિકરણથી તૈયાર થવામાં આવે ને તે પ્રમાણે યથાશક્તિ વર્તતાં વર્તતાં પ્રાંતે સર્વથા તે પ્રમાણે વર્તવામાં આવે ત્યારે પૂરેપૂરી કાર્યસિદ્ધિ થાય છે. બાકી સામાન્ય કાર્યસિદ્ધિ તો એ ચારના શરણરૂપ અક્ષર રચના પણ મહા મંત્રરૂપ હોવાથી અને એ ચાર નામ પણ પૂરપૂરા ભાગ્યનો ઉદય હોય તોજ જીભ્હાએ ચડે તેવાં હોવાથી થાય છે. પરંતુ તેથી રાચી જવાનું નથી, કારણ કે એ તો ચિંતામણિ રત્ન જેમ પુદ્ગલિક સર્વ વાંચ્છાપૂરવા સમર્થ હોય છે તેમ આ ચાર શરણ આત્મિક સર્વ વાંચ્છાને પૂરનાર અપૂર્વ ચિંતામણિ છે. મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક માટે આ ચાર શરણ અંગિકાર કરવા તે પ્રથમ કર્ત્તવ્ય છે. દરેક જૈન બંધુઓએ રાત્રિએ શયન કરતાં તો આ ચાર શરણ કરવાની જરૂરજ છે. કારણ કે નિદ્રા પણ અલ્પકાલિન મૃત્યુ જેવીજ છે. માટે ચાર શરણ અંગિકાર કરીને નિદ્રા લેનાર તેમાંથી સુખે સુખે પાછો જાગૃતાવસ્થાને પામે છે. તેથી આ કર્ત્તવ્ય નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.

અપૂર્ણ.

# चंदराजाना रासउपरथी नीकलतो सार.

(અનુસંધાન ગતવર્ષના પૃષ્ટ ૩૮૧ થી.)

## *પ્રકરણ ૭ મું.

સિંહળ નૃપે પોતાના આસન ઉપર આગ્રહ કરીને ચંદરાજાને બેસાડ્યા. ચંદરાજા બેઠા. ભાગ્યશાળી જ્યાં જાય ત્યાં પગલે પગલે નિધાન પ્રગટ થાય છે અને અણુવહાલા હોય તે વહાલા થઇ જાય છે. ભાગ્યની રચનાજ ઓર છે. તેનાથી કષ્ટમાત્ર વિસરાળ થાય છે અને આપત્તિ સંપત્તિ રૂપ પરિણમે છે. ભાગ્યશાળીને દેશમાં કે પ્રદેશમાં ઉપાધિ પ્રાપ્ત થતી જ નથી.

હવે સિંહળરાજા ચંદરાજા પ્રત્યે કહે છે કે “ તમે કુશળ ક્ષેમ તો છો ? હે સ્વામી! તમે અમારા અંતર્યામી છો. અમારા માથાના મુગટ છો. ચાતક પક્ષી જેમ વર્ષાદની ચાહના કરે અને વચ્છ જેમ ગાયને ચાહે તેમ અમે તમારી ચાહના કરતા હતા. આજે તમે પધાર્યા તેથી અમારો અવતાર સફળ થયો છે. ઉત્તમ પુરૂષનો મેળો તો જો પ્રભુ પ્રસન્ન થાય તો જ થાય છે. અમે અહીં આપનો આદર સતકાર કે ભક્તિ પણ શું કરીએ? કેમકે તમે મોટા દાનેશ્વરી કહેવાઓ છો; તેની પાસે અમે શી ગણતરીમાં છીએ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે છતાં પણ જો આપ અમારે દેશ પધાર્યા હો તો અમે અવશ્ય ગામ નગરાદિકની બક્ષીશ આપવાવડે પણ આપની ભક્તિ કરત. અહીં પરદેશમાં તો અમે તમે બંને સરખા છીએ. અહીં તો ગરીબ બાળકની માતા પુત્રપર બહુ રાજી થાય તો ભામણા લેય તેમ અમે પણ માત્ર પ્રણામ કરવાવડેજ તમારી ભક્તિ બતાવી શકીએ તેમ છે. તોપણ અમે અવસર મળે ચૂકીએ એમ નથી એ આપ ચોકસ માનજો ”

આવા સિંહળ રાજાના વચનો સાંભળીને ચંદરાજા બોલ્યા કે–“ ચંદને ભરૂંસે તમે મારૂં આટલું બધું સન્માન શા માટે કરો છો ? હું એક પરદેશી પ્રાહુણો છું, ને તમે તો મોટા રાજા છો; તમે ખોટા ભ્રમથી ચતુર થઇને કેમ ચૂકો છો ? મારે તમારે ક્યારની ઓળખાણ ? ચંદ્ર તો પૂર્વ દિશાનો સ્વામી છે ને હું તો એક ક્ષત્રી-પુત્ર છું તો દેખી પેખીને વગર સ્વાર્થે આવી ખોટી વાત શા માટે કરો છે ? તમે મને ચંદ જેવો દીઠો તેથી ભૂલાવામાં પડ્યા લાગો છો; પણ સરખે સરખા તો આ સંસારમાં ઘણાં માણસો નજરે પડે છે; પણ તેમાં ગુણ જાણ્યા વિના રાચવું નકામું છે. ઉજ્વળ તો કપુરે હોય છે ને લુણ પણ હોય છે; પરંતુ તે બેના ગુણમાં પારાવાર અંતર છે; માટે તમે આવો ભુલાવો ખાઓ નહીં ને મને રજા આપો કે જેથી હું મારે કામે જાઉં. ”

સિંહળનૃપ બોલ્યા કે “એવી રીતે અમને ભોળવવાનું પડ્યું મૂકો અને ખરી વાત કરો; તમે ચંદરાજા પોતેજ છો એમાં અમને બીલકુલ શંકા નથી. સત્પુરૂષ છાના રહેતાજ નથી, તે તો તેના આચારવડે જ ઓળખાઇ જાય છે. ગમે એટલા જળમાં ડુબાડીએ પણ તુંબડું ઉપર આવ્યા શિવાય રહેતું જ નથી. કસ્તુરી કદી પોતાને છુપાવે પણ અંબર તેને પ્રગટ કરી દે છે. અમે બહુ દિવસથી આપના આવવાના દિવસની રાહ જોતા હતા તે પ્રમાણેજ આપ આવ્યા છો તો હવે પોતાનું નામ પ્રગટ કરો અને અમારૂં કાર્ય કરી આપો. ”

આ પ્રમાણે સિંહળ રાજા ને ચંદ રાજા વાતો કરે છે તેવામાં સિંહળ રાજાનો મંત્રી ત્યાં આવ્યો કે જે મહા કપટી, કુટિલ, કદાગ્રહી અને દુર્મતિવાળો છે. **હિંસક** તેનું નામ છે અને એવો અસત્યભાષી છે કે જ્યાં જળ કહે ત્યાં થળ પણ ન હોય. સૂર્યના ઉદયથી અસ્તપર્યંત ખોટું બોલવું તેજ તેનો ધંધો છે; તેણે ત્યાં આવી ચંદ રાજાને પ્રણામ કરી આસનપર બેસીને પોતાની કુટિલતા ચલાવવાની શરૂઆત કરી. તે પ્રસન્ન વદન કરીને બોલ્યો કે, “હે ચંદનરેશ્વર ! તમે આજે અમને આવી મળ્યા તેથી અમારા સર્વે મનોરથ સફળ થયા છે. હવે તમે અમારા રાજાની વિનતિ શા

* આ પ્રકરણ ઘણું લાંબું છે, તેથી તે હવે પછીના અંકમાં પૂર્ણ થશે ને ત્યાર પછી તેનું રહસ્ય આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે માનતા નથી? બહુ રઢ શા માટે કરો છો? આમ ખોટી રીતે કુળ વિગેરે ઓળવવાથી કાંઇ ચાલવાનું નથી. અહીં શું બાળકોને ભોળવવાના છે? અમે બીલકુલ ખોટું બોલતા નથી; માટે વાદ કરવો પડ્યો મુકીને તમે છતા થાઓ ને અમારી વિનતિ સ્વીકારો, હવે સાંકડે આવ્યા પછી તમારાથી કાંઇ ખસી શકાવાનું નથી. હે આભાધણી! અમારે તમારાથી મોટી આશા છે. અમે કાંઇ અંધારે કુટતા નથી. અમે દેવીના વચનથી તમને ઓળખ્યા છે; માટે હવે વધારે તાણાતાણ ન કરો, કેમકે રાત થોડી છે ને વેશ ઘણા છે. આકાશમાં હરણી પણ ઉંચે ચડી છે. વળી અમે તમને વધારે કઠણ શબ્દો પણ કહી શકીએ તેમ નથી; કારણ કે તમારાથી અમારે કામ લેવાનું છે; માટે વધારે તાણ્યું ત્રુટી જાય એમ સમજીને એકથી બીજા થતા નથી તે આગ્રહ પડ્યો મુકી ખરા નામે પ્રગટ થાઓ એટલે અમે અમારી વિનતિ કહી સંભળાવીએ."

ચંદરાજાને આ સચિવનો હઠ ખરેખરો સજ્જડ લાગ્યો એટલે તે બોલ્યા કે, "તમારે ચંદથી શું કામ છે? આ દુનીઆમાં શું બીજા માણસો નથી કે તમે ચંદની આટલી બધી ઓશીઆળ કરો છો? હું હવે તમને સાચું કહું છું કે હું આભા નગરીએ રહું છું તે ખરી વાત છે અને ચંદરાજા જે કરે તે હું કરી શકું તેમ છું. કહો હવે તમારે કામ શું છે?" ચંદરાજાના આવાં વચન સાંભળીને સિંહળ રાજા ખાત્રી થવાથી હર્ષ પામ્યો. તેનું શરીર વિકસ્વર થયું. પછી હિંસક મંત્રી સિંહળ રાજા પ્રત્યે બોલ્યો કે, "હે પ્રભુ! આભાધણી આપણી ચિંતા માત્ર દૂર કરશે. ચંદરાજાથી છાનું શું છે માટે હવે લાજ તજી દઇને જે કહેવાનું હોય તે તેને કહી દ્યો, કારણ કે લાજ રાખ્યે કાર્યસિધ્ધિ થવાની નથી." ચંદરાજા વિચારવા લાગ્યા કે– "આ શું બોલે છે? હું તો કાંઇ તેમાં સમજતો નથી; એને મારી પાસે શું કામ કરાવવું હશે? તે કામ મારાથી થશે કે નહીં? પણ હવે આપણે પરવશ પડ્યા છીએ ને આ બધું ધૂર્ત ટોળું ભેળું થયું જણાય છે તેથી જે કહે તે સાંભળ્યા શિવાય બીજો ઉપાય નથી." સિંહળ રાજા બોલ્યો કે–"તમે વિચારમાં કેમ પડી ગયા? અમે કાંઇ ઠગ નથી કે તમને ઠગી લેવા ઇચ્છતા હુઇએ. તમે એવો સંશય શા માટે કરો છો? પરઉપકારી પુરૂષને તો કોઇ વિરલ માતાજ જન્મ આપે છે. જુઓ! સૂર્ય સર્વત્ર પ્રકાશ કરે છે તેને પૈસકસી કોણ આપે છે? આ વૃક્ષો ફળ ફુલ આપે છે તેને કિંમત કોણ આપે છે? ચિંતામણિ વાંછિત પૂરે છે તેનો બદલો કોણ આપી શકે છે? સરસ નિરસ તરણા ખાઇને પણ ગાય દુધ આપે છે તેનો પૂરો ગુણ કોણ જાણે છે? આ પ્રમાણે તમે પણ મોટા પરોપકારી છો, તમારી જેવા પરોપકારી અમે થોડાજ દીઠા છે. તમારી ઉપર અમે મોટી આશા રાખીને બેઠા છીએ તેથી તમે અમારી આશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ કરીને અમારાપર ઉપકાર કરો. ”

એ વખતે ત્યાં સિંહળ રાજા, તેની રાણી, તેમનો કનકધ્વજ નામનો કુષ્ટિ પુત્ર, હિંસક મંત્રી અને કપિલા નામની ધાવ્ય એ પાંચ અને છઠ્ઠા ચંદરાજા હતા. તેઓ પાંચ ઇંદ્રીઓ સહિત જેમ મન શોભે તેમ શોભતા હતા. એ પ્રસંગે ચંદરાજા બોલ્યા કે, “ હે સિંહળ ભૂપાળ ! તમે પડદો તજી દઇને તમારા મનમાં જે વાત હોય તે પ્રગટ કરો, પડદો રાખવાથી હું કાંઇ સમજી શકતો નથી. તમે પાંચે અંદરથી ચિંતાતુર જણાઓ છો ને ઉપરથી વિવાહનો ઉત્સવ માંડ્યો છે, માટે જે વાત હોય તે કહો એટલે મને ખબર પડે. મારે પ્રભાત થયા અગાઉ પાછા આભાપુરી તરફ જવાનું છે. તમે મારૂં નામ ઠામ કુળ જાતિ વિગેરે કેમ જાણ્યું અને મારી પાસેથી શું કામ કરાવવાની તમારી ઇચ્છા છે તે જણાવો. કારણ કે તમારા મનની વાત હું જાણી શકતો નથી. ”

ચંદરાજાએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે સિંહળ નૃપના આદેશથી તેનો મંત્રી હિંસક બોલ્યો કે, “હે મહારાજ ! તમે તો અમારા ત્રાતા છો, કાર્યના કરી આપનારા છો. તમારી અમને મોટી આશા છે, તમે અમારી આશાના વિશ્રામસ્થાન છો અને અમને શાતા પમાડનારા તેમજ ચિંતા મટાડનારા છો તેથી તમને અમારા અંતરની વાત કહ્યા શિવાય છુટકોજ નથી. છાશ લેવા જવું ને દોણી સંતાડવી તે કેમ ચાલે ? પગે ઘુઘરા બાંધી નાચવું ને ઘુંઘટો તાણવો તે કેમ બને ? સેવકપણું સ્વીકારી સેવા કરવી ત્યારે પછી લાજ શું કામ લાગે ? માટે અમે લાજ તજીને આપને અમારી વાત કરીએ છીએ. હે સ્વામી ! આ રાજપુત્ર કનકધ્વજને અહીંના રાજાની પુત્રી પ્રેમલાલચ્છી પરણી આપો. એટલું અમારે તમારાથી કામ કરાવવાનું છે. હે કૃપાળુ ! તમે પરોપકારી છો તો એટલું કામ કરી આપો, અને જેવું તમારૂં નામ છે તેવા થાઓ. ”

ચંદરાજા બોલ્યા કે—“ તમે આવું મિથ્યા ભાષણ શું કરો છો? મેં તો સાંભળ્યું છે કે પ્રેમલાલચ્છી સિંહળ રાજાના પુત્રને પરણવાની છે; તેનો મહોત્સવ જોવા માટે તો હું અહીં આવ્યો છું. તો આ કનકધ્વજ કુમાર શા માટે તેને પરણતો નથી ? સર્વે લોકો જાણે છે કે પ્રેમલાલચ્છી કનકધ્વજ કુમારની સ્ત્રી થવાની છે તો તેને પરણવામાં વાંધો શું છે ? તમે ફોગટ મારે માથે ભાર શું કામ મુકો છો ? ” હિંસક મંત્રી બોલ્યો કે—“ હે સ્વામી ! આ કનકધ્વજ કુમાર પૂર્વ કર્મના ઉદયથી કુષ્ટિ છે. એ વાત કોઇને કહી શકાય તેમ નથી. પૂર્વના લેખથી તેનો પ્રેમલાસાથે વિવાહ થયેલો છે. હવે તેનો નિર્વાહ કરી આપવો તે તમારા હાથમાં છે. પવનને લીધે ભરદરીએ વહાણ જઇ ચડ્યું છે. હવે તેને કાંઠે લાવવું તે તમારી જેવા પ્રવીણ કપ્તાનનું કામ છે. આ સિંહળ રાજાની લાજ અત્યારે તમારા હાથમાં છે. ” ચંદરાજા બોલ્યા કે—“ જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજપુત્ર કુષ્ટિ હતો તો તમે એ વિવાહ કર્યો શા માટે ? તમારે પ્રેમલાની સાથે શું વેર છે કે તેને આવા કુષ્ટિ સાથે પરણાવવા ઇચ્છો છો ? તમે સૌ મળીને એનો અવતાર શામાટે બગાડો છો ? આવું પાપ કળિયુગના પાપને પણ કાપનાર કીરતાર કેમ સહન કરશે ? વળી મકરધ્વજ રાજાની પુત્રી મારાથી પરણાય કેમ ? તેવી મારી યોગ્યતા ક્યાંથી ? તેમાં પણ તેને પરણીને પાછી તમને સોંપવી તે તો મારાથી બનેજ કેમ ? ”

પછી ચંદરાજાએ હિંસક મંત્રીને એકાંતે લઇ જઇને કહ્યું કે–“ આવી અણઘટતી વાત તમે મને શું કહો છો ? મારો તમારો મેળો આજે પહેલ વહેલોજ થયો છે તેમાં તમે આવો ફંદ શું માંડયો છે ? આવી કપટવાળી વાકયરચના મારી પાસે શામાટે કરો છો ? એમાં કાંઇ તમે કાઢણ કાઢવાના નથી. આવી મહા પ્રૌઢ રૂપવંત કન્યા પ્રેમલા તેને આવા કુષ્ટિ સાથે શામાટે પરણાવવાનું કરો છો ? એ વિવાહજ છોડી દ્યો, એવું અકાર્ય કરો નહીં. તમારો દેશ કયો ? તમારી નગરી કઇ ? તમે કયાં રહો છો ? અને આવો અનુચિત સંબંધ શી રીતે થયો ? તેની સાચેસાચી વાત મારી પાસે પ્રગટ કરો, એટલે તમારી વાત સાંભળ્યા પછી હું કાંઇક તમને રાજી કરવાનો વિચાર કરીશ. ” ચંદરાજાના આવા આશા ભરેલા વચનો સાંભળીને હિંસક મંત્રીએ સંક્ષેપમાં પોતાની સર્વ કથા કહેવા માંડી અને ચંદરાજા સાંભળવા લાગ્યા.

હિંસક મંત્રી બોલ્યો કે–“ સિંધુ નદીના કિનારા ઉપર સિંધુ નામે દેશ છે. સિંધુ નદી મોટા પર્વતમાંથી નીકળી છે તે પર્વતના શિખરો બહુ સુશોભિત દેખાય છે. ત્યાંથી નીકળીને સિંધુ નદી સમુદ્રને મળવા માટે ઉતાવળી દોડી જતી હોય એમ દેખાય છે અને તેમાં ફરતી નાવાઓ નૃત્યપણું કરતી હોય એમ જણાય છે. ત્યાંના લોકો પ્રાયે સરલ સ્વભાવી વિશેષ છે, ખાર (ઇર્ષ્યા) વિનાના છે. તે લોકોની અસર સમુદ્રને પણ થયેલી છે તેથી તે પણ ત્યાં ખાર વિનાનો–મીઠો છે. સિંધુ દેશમાં સિંહળપુરી નામે મુખ્ય નગરી છે તે બહુ શોભીતી છે. તે નગરીને બરાબર જોનાર માણસ લંકાપુરીને પણ તેનાથી ઓછી ગણે છે. તે નગરીમાં ચોરાશી તો ચોટા છે. ત્યાં જન્મ લેનારા મનુષ્યો પુન્યશાળી ગણાય છે. ત્યાં **કનકરથ** નામે રાજા છે તે રૂપે કામદેવ જેવો છે અને શત્રુરૂપી વૃક્ષોને નમાવવા માટે પ્રચંડ પવન જેવો છે. તેને **કનકવતી** નામે મહા ભાગ્યશાળી પટરાણી છે. તે પતિની ભક્તિમાં લયલીન ચિત્તવાળી છે અને રતિ જેવી રૂપવંત હોવા સાથે ખરેખરી સતિ છે. તે રાજાનો હું **હિંસક** નામે મંત્રી છું. રાજાનું મને બહુ માન છે અને રાજ્યના તમામ કામનો હું કરનારો છું. ચોથી આ **કપિલા** નામે ધાવ્ય છે, તે પિયુષથી ભરેલા પયોધરવાળી છે ને બ્રહ્માની પુત્રી જેવી છે. આ રાજાને સંખ્યાબંધ ચતુરંગિણી સેના છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારાવાર ઋદ્ધિ છે કે જેને જોઇને ધનદ પણ લજ્જા પામે તેવું છે. તેની આખી પ્રજા ધનપાત્ર છે. દારિદ્રને તો ત્યાં કોઇ જાણતું પણ નથી. તે સાથે ત્યાં પંડિતો પણ ઘણા વસે છે કે જે પરવાદીને જીતવાને મહા સમર્થ છે. ત્યાંની સ્ત્રીઓ પણ ચપળ સ્વભાવરહિત અને શાંત છે.

એકદા કનકાવતી રાણી પોતાના આવાસમાં બેઠી હતી તેવામાં તેને પુત્રની ચિંતા ઉત્પન્ન થઇ એટલે તેના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી. તેનું હૃદય ભીંજાઇ ગયું, મુખે નિસાસા મેલવા લાગી અને જળવિના માછલી ટળવળે તેમ ટળવળવા લાગી. એવી સ્થિતિ પોતાની સ્વામિનીની જોઇને તેની દાસી એકદમ ઉતાવળી રાજા પાસે ગઇ અને તે હકીકત નિવેદન કરી. એટલે રાજા દોડતો રાણી પાસે આવ્યો. તેને અનેક પ્રકારે આશ્વાસન આપીને રાજાએ કહ્યું કે–" હે ચંદ્રાનને ! તું આમ દિલગિર કેમ થઇ છે ? આ દક્ષાણી ચીર બધું ભીંજવી નાખ્યું છે તેનું કારણ શું છે ? તારી આજ્ઞા કોણે લોપી છે તેનું નામ કહે એટલે તેને સજા કરૂં કે ફરીને કોઇ તારી આજ્ઞા લોપે નહીં. તારે કોઇ વાતની ખામી નથી. તું મારી પ્રાણાધાર છે, તો તને શી ચિંતા ઉત્પન્ન થઈ છે ? તે કહે. "

સિંહળ રાજાના આવા વચનો સાંભળીને કનકાવતી રાણી બોલી કે–" હે સ્વામી ! તમારી કૃપા હોવાથી મારી આશા માત્ર પૂર્ણ થયેલી છે. તમારી મારા ઉપર સુનજર છે તો પછી મારી આજ્ઞા કોણ લોપી શકે તેમ છે. હું તમારા જેવા પ્રાણેશ્વર પામી છું તેથી રોજ નવા નવા વેશ પહેરૂં છું કે જેવા ઇંદ્રાણીએ પણ દીઠા નહીં હોય. મનને ભાવતા ભોજન કરૂં છું. ક્ષણે ક્ષણે નવા નવા આભૂષણો પહેરૂં છું કે જે જોઇને દેવતાઓ પણ સંશય કરે છે કે આ કોણે ઘડ્યા હશે ? અનેક પ્રકારના સુગંધી દ્રવ્યોનું વિલેપન કરૂં છું કે જેથી ભ્રમરો તો મારો કેડોજ છોડતા નથી. એમ બધા પ્રકારનું મને સુખ છે; પણ હે સ્વામી ! એક પુત્ર વિના તે સુખ બધું નકામું છે. એ સુખ તૃણતૂલ્ય છે. મારૂં જીવિત પણ નિષ્ફળ છે. રણવગડાના ફુલની જેમ મારો અવતાર અલેખે છે. પુત્ર વિનાના ધનવંતનું સવારમાં કોઇ મુખ પણ જોતા નથી. જમીનપર આલોટતા, રડતા, પડતા, તોતડું તોતડું બોલતાં, ધુળવાળે શરીરે ખોળામાં આવીને બેસતા અને લાકડીનો ઘોડો કરીને શેરીમાં રમતા એવા પુત્ર જેને છે તેનો અવતારજ સફળ છે. પુત્ર કીર્ત્તિને વધારનાર છે, વંશને વિસ્તારનાર છે, પુત્રથી સંપત્તિ પ્રાપ્ત થાય છે, ગયેલા પ્રાસ પાછા મળે છે, વૃદ્ધપણામાં સુખ આપે છે અને અનેક પ્રકારનો આનંદ આપવાનું તે સાધન છે. તેવો પુત્ર મારે ન હોવાથી હું તેનીજ ચિંતા કરૂં છું. મને તે શિવાય બીજી કશી ચિંતા નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ રાણીની બધી વાત સાંભળી લઇને કહ્યું કે–" હે પ્રાણપ્રિયા ! તમે એ વાતની ચિંતા તજી ઘો, મનમાં હર્ષ ધારણ કરો, આપણે મંત્રતંત્રાદિક અનેક પ્રયત્ન કરશું કે જેથી તમને પુત્ર પ્રાપ્ત થશે. બાકી તો તમે પણ જાણો છો કે એ વાત કોઇના હાથમાં નથી. " આ પ્રમાણે રાણીને દિલાસો આપીને પછી રાજાએ મને તેડાવ્યો, અને મારી પાસે રાણીની બધી વાત કરી. મેં બુદ્ધિપૂર્વક વિચાર કરીને કહ્યું કે–" હે રાજન્ ! તમે અઠ્ઠમ કરીને કુળદેવીને આરાધો, અને તેને પ્રસન્ન કરીને પુત્રનું સુખ મેળવો. " રાજાએ તે વાત કબૂલ કરી. બીજેજ દિવસે રાજાએ અઠ્ઠમ કર્યો અને કુળદેવીને આરાધવા એકાંતે બેઠો. ત્રણ દિવસ પૂર્ણ થયા એટલે કુળદેવી પ્રગટ થઇ. તે જમીનથી ચાર અંગુળ અધર રહેલી હતી, તેના કંઠમાં અમ્લાન પુષ્પોની માળા હતી, તેના નેત્ર મટકું મારતા નહોતા, તેનું મુખ પ્રસન્ન હતું, નેત્ર કરૂણાવાળા હતા, શરીર પવિત્ર હતું અને અનેક આભૂષણો તેણે ધારણ કરેલાં હતાં. તેણે પ્રગટ થઇને રાજાને કહ્યું કે–" હે નૃપતિ ! તેં મને કેમ આરાધી છે તે કહે. હું તારાપર પ્રસન્ન થઇ છું, તેથી તારે જે જોઇતું હોય તે માગ, હું તારૂં મન ઇચ્છિત આપીશ. "

આ પ્રમાણેના દેવીના વચનો સાંભળીને રાજા હાથ જોડી તેને કહેવા લાગ્યો કે–" હે કુળદેવી ! હે માતા ! તું સેવા કરી સતી કુળની વૃદ્ધિ કરનાર છું, સમૃદ્ધિને આપનાર છું અને દુઃખને દૂર કરનાર છું. મેં તારી પુત્રનિમિત્તે આરાધના કરી છે. જો પુત્રથી આસન સાંકડું થાય, જ્ઞાનથી હૃદય સાંકડું થાય ને મુનિ મહારાજના પધારવાથી ઘર સાંકડું થાય તો જાણવું કે તેનું સુકૃત ખપી ગયેલું છે. હે માતા ! તમારે મારી પ્રાર્થના પૂર્ણ કરવીજ પડશે; કારણ કે પુત્રવિના તમે પણ પૂજા કોનાથી પામશો અને કુળદેવી પણ શેના કહેવાશો ? સમુદ્રને તટે રહ્યા છતાં જો દારિદ્ર રહે તો તેની લાજ સમુદ્રને છે તેમ મારા કુળમાં જો પુત્ર ન થાય તો તેની લાજ આપનેજ છે; માટે પ્રસન્ન થઇને એક પુત્ર મને આપો; હજાર વાતની એક વાત તે છે. મારી રાણીના આગ્રહથી મેં તમારી આરાધના કરી છે અને મને ભરૂંસો છે કે તમે તુષ્ટમાન થયા છો તો મારી આશા પૂર્ણ કરશો. "

કુળદેવીએ રાજાને કહ્યું કે–" તારા વચનથી હું તુષ્ટમાન થઇ છું, તેથી તને એક પુત્ર પ્રાપ્ત થશે પણ તે કુષ્ટિ થશે. " રાજા કહે કે–" હું આપને પગે પડીને વિનંતિ કરૂં છું કે, હે માતા ! તમે મને વ્યાધિરહિત પુત્ર આપો. " ત્યારે દેવી બોલી કે–" હે રાજા ! તું ડાહ્યો થઇને આમ મૂઢ કેમ થાય છે ? જેણે જેવાં કર્મ બાંધ્યાં હોય તેને તેવાં ભોગવવાંજ પડે. જિનેશ્વર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ જેવાને પણ પોતાનાં કરેલાં કર્મ ભોગવવાંજ પડે છે. જે જીવે પૂર્વે સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુકૃત કર્યું હોય તે અવિચ્છિન્ન સુખ પામી શકે. મેં તને એકવાર જે વર આપ્યો કે તને કુષ્ટિ પુત્ર થશે તે વર હવે હું ફેરવી શકું નહીં." રાજા કહે કે–"હે માતા! તું તુષ્ટમાન થયા છતાં મને કુષ્ટિ પુત્ર કેમ આપ્યો?" દેવી કહે કે–"હે વત્સ! તેનું કારણ સાંભળ: મારો ભર્ત્તાર મહર્દ્ધિક દેવતા છે; તેને અમે બે દેવીઓ છીએ. અમે બંને તેની સાથે નવા નવા ભોગવિલાસ ભોગવતી સતી આનંદમાં રહીએ છીએ. એક દિવસ મારા પતિએ મારાથી છાનો મારી શોકયને એક હાર આપ્યો, તે વાતની મને ખબર પડી એટલે મારી શોકયઉપર મને ખાર આવ્યો. અમે બે તે બાબતમાં વાત કરતાં વઢી પડી. તેવામાં મારા પતિએ આવીને તેની તરફેણ કરી એટલે મને બહુ ખોટું લાગ્યું અને હું બહુ દિલગિર થઇ, તેથી હું ચિંતાતુર બેઠી હતી; તે વખતે તેં મને આકર્ષી એટલે હું ધસમસતી અહીં આવી અને તને ઉંચા મને કુષ્ટિ પુત્ર થવાનો વર આપ્યો. અમે દેવીઓ આપેલો વર ફેરવતા નથી અને જેવા તમારા ભાગ્ય હોય તેવુંજ અમારા મોઢામાંથી નીકળે છે, માટે હવે એ બાબતમાં તારે વિમાસણ કરવા જેવું નથી."

રાજાએ પણ વિચાર્યું કે–"પુત્ર નથી તે કરતાં તો કુષ્ટિ પુત્ર થાય તે પણ ઠીક છે." પછી દેવીનું વચન તેણે અંગિકાર કર્યું. એટલે દેવી અદૃશ્ય થઇને પોતાને સ્થાનકે ગઇ. રાજાનો તપ પૂર્ણ થયો એટલે આરાધના સમાપ્ત કરીને તે અમારી પાસે આવ્યા. રાણીને ને મને વર પ્રાપ્તિની વાત કહી સંભળાવી. મેં તેને ધારણ આપી કે 'પ્રભુ સૌ સારાં વાનાં કરશે. એકવાર દેવીના વચનથી પુત્ર થશે તો પછી કુષ્ટના નિવારણ માટે અનેક પ્રયત્નો કરશું અને તે રોગ ટાળશું.' રાણી મારા વચનથી રાજી થઇ. અનુક્રમે તેજ રાત્રિએ કોઇ જીવ રાણીના ઉદરમાં ઉત્પન્ન થયો. રાણીને ભૂમિગૃહમાં રાખીને ગર્ભનું પાલન પોષણ કરવા માંડયું; કારણ કે લોભીની સંપત્તિ ભૂમિગૃહમાંજ જળવાય છે. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે રાણીએ પુત્ર પ્રસવ્યો, તેની વધામણી આવતાં રાજા બહુ રાજી થયો અને દાસીને વસ્ત્રાલંકારાદિ આપીને રાજી કરી; પછી રાજાએ પુત્રજન્મનો મહોત્સવ બહુ સારી રીતે કર્યો. શહેરમાં ઘરે ઘરે તોરણો બંધાવ્યા. ધવળ મંગળ ગવરાવ્યા. નગરમાં બધે વાત પસરી ગઇ કે રાણીને પુત્ર પ્રસવ્યો. એટલે નગરલોક પણ બહુ રાજી થયા. ચારે બાજુથી વધામણા આવવા માંડ્યા. પુત્રનું **કનકધ્વજ** નામ પાડવામાં આવ્યું, પરંતુ જન્મ દિવસથીજ તે કુષ્ટના રોગથી પિડિત રહેવા લાગ્યો, તેને માટે અનેક પ્રયોગો કર્યા પણ કાંઇ ટાંકી લાગી નહીં.

ખાણમાં જેમ રત્ન વૃદ્ધિ પામે તેમ રાજપુત્ર પણ ભૂમિગૃહમાંજ વૃદ્ધિ પામવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. કોઇ પણ પ્રસંગે તેને બહાર નહીં કાઢવાથી લોકો બહુ આશ્ચર્ય પામવા લાગ્યા. લોકો દરબારમાં રાજપુત્રનું મુખ નિરખવા માટે અનેક પ્રકારના દેશી વિદેશી વસ્ત્રાભૂષણો લઇ લઇને આવવા લાગ્યા. તે સર્વને હું એમ કહેતો કે 'રાજપુત્ર અત્યંત રૂપવંત છે તેથી તેને કોઇની નજર લાગી જાય તેવા ભયથી ભોંયરામાંજ રાખવામાં આવે છે. બહાર કાઢવામાં આવતો નથી.' લોકો પણ મારી વાત સાચી માનવા લાગ્યા, અને અંદર અંદર વાતો કરવા લાગ્યા કે–'રાજાની પુન્યાઇ વિસ્તાર પામી કે જેથી આવો દેવકુમાર જેવો પુત્ર પ્રાપ્ત થયો; જેનું મુખ જોવાનું સૂર્યને પણ દુર્લભ છે તેનું મુખ આપણે શી રીતે જોઈ શકીએ. શાસ્ત્રમાં પણ સાર વસ્તુનું સારી રીતે જતન કરવાનું કહેલું છે.'

લોકોના મુખથી આ વાત અનુક્રમે દેશ પ્રદેશમાં વિસ્તાર પામી. પારકી ચિત્તવૃત્તિને બ્રહ્મ પણ જાણી શકતા નથી તો પછી બીજાની શી વાત કરવી. અન્યદા અમારા નગરના વેપારીઓ કરીયાણા લઇને ફરતા ફરતા આ વિમળપૂરીએ આવ્યા, અહીં **મકરધ્વજ** નામે રાજા છે; તેની પાસે તે વેપારીઓ મળવા આવ્યા; રાજાએ તેમને યથાયોગ્ય માન આપ્યું, રાજસભામાં મકરધ્વજ રાજા ને તે વેપારીઓ બેઠા સતા વાતચિત કરતા હતા, તેવામાં રાજપુત્રી **પ્રેમલા** ત્યાં આવી અને તે રાજાના ખોળામાં બેઠી. તે રાજકન્યા મહા રૂપવંત હતી, ચોસઠ કળાનું નિધાન હતી, નવું યૌવન પામેલી હતી અને ચંદ્રમા જેવા શાંત મુખવાળી હતી; તેને જોઇને અમારા શહેરના વેપારીઓ આશ્ચર્ય પામ્યા, તે વખતે રાજાએ વેપારીઓને પૂછયું કે–'તમે કયા દેશથી આવ્યા છો, ત્યાં કોણ રાજા છે અને તેની શી હકીકત જાણવા જેવી છે તે કહો.' એટલે વેપારીઓએ પોતાના દેશની વાત વિસ્તારથી કહેવા માંડી. તેમાં કહ્યું કે–'અમે સિંધુ દેશથી આવ્યા છીએ. ત્યાં સિંહલપુરી નામે નગરી અલકાપુરી જેવી છે. ત્યાં કનકરથ નામે રાજા છે; તેને કનકધ્વજ નામે પુત્ર છે, પણ તે કામદેવ જેવો અતિરૂપવંત હોવાથી તેને ભોંયરામાંજ રાખવામાં આવે છે; તેને જોવાનો સૌના મનમાં અત્યંત ઉત્સાહ વર્ત્યા કરે છે; પરંતુ કોઇની નજર લાગી જવાના ભયથી તેને બહાર કાઢવામાં આવતો નથી. અમે તેના રૂપની પ્રશંસા કેટલી કરીએ ? તે પ્રત્યક્ષ કામદેવ જેવો રૂપવંત છે. એમાં કિંચિત્ પણ અસત્ય નથી;'

અમારા વેપારીઓની આ પ્રમાણેની વાત સાંભળીને મકરધ્વજ રાજા બહુ રાજી થયો, તેણે વેપારીઓને ઉત્તમ પોષાક આપ્યો અને બીજે દિવસે સભામાં આવવાનું કહીને વિદાય કર્યા.

હવે પ્રેમલાલચ્છીના કનકધ્વજસાથે વિવાહ થવાનું બીજ રોપાણું છે, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ ઉપર વૃક્ષપણાને પામશે. તે બધી હકીકત આપણે હવે પછીના અંકમાં વાંચશું. આ પ્રકરણ ઘણું લંબાણ હોવાથી તે પૂરૂં થયા બાદ તેના રહસ્યને જાણી શકીશું. હાલતો આટલી હકીકત ભૂલી ન જવા માટે સ્મરણમાં રાખવાનું સૂચવી વિરમવામાં આવે છે.

અપૂર્ણ.

## ગત વર્ષના મુખ પૃષ્ટપરના શ્લોકનું ટુંક વિવેચન.

**जानामि क्षणभंगुरं जगदिदं जानामि तुच्छं सुखं ।**
**जानामींद्रियवर्गमेतमखिलं स्वार्थैकनिष्टं सदा ॥**
**जानामि स्फुरिताचिरद्युतिचलं विस्फुर्जितं संपदां ।**
**नो जानामि तथापि कः पुनरसौ मोहस्य हेतुर्मम ॥**

" આ જગત્ બધું ક્ષણ વિનાશી છે, એમ હું જાણું છું, આ સાંસારિક સુખ માત્ર તુચ્છ છે એમ જાણું છું, આ સમસ્ત ઇંદ્રિયોનો સમૂહ સર્વદા એક સ્વાર્થનિષ્ઠ છે એમ પણ જાણું છું, અને આ વિસ્ફુર્જિત એવી સંપત્તિ સ્ફુરાયમાન છે અસ્થિરપણાની દ્યુતિ જેમાં એવી ચપળ છે એમ પણ જાણું છું; તથાપિ એ નથી જાણતો, કે એ પ્રમાણે જાણતાં છતાં પણ તેના પર મને જે મોહ થાય છે તેનો હેતુ શો છે?" **સુક્તમુક્તાવલિ.**

ઉપરના શ્લોકમાં પ્રાંતે પ્રશ્ન કરેલો છે તેનો ઉત્તર આપણે શોધી કાઢવાનો છે. આ શ્લોક અત્યંત ઉપયોગી છે. તેમાં કહેલ છે તે પ્રમાણે આ જગત્ ક્ષણભંગુર છે-ક્ષણ વિનશ્વર છે. આંખના પલકારામાં નહીં ધારેલો ફેરફાર થઇ જાય છે. કોઇ વસ્તુ કાયમ રહેતીજ નથી. મનુષ્ય જો કે મોહવશ થઇને તેમાંની પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુનો સંયોગ કાયમ બન્યો રહેશે એમ કલ્પના કરે છે, પણ તેમ બની શકતું નથી. જ્યારે વિયોગ થવાનો હોય છે ત્યારે ગમે તેટલી સાચવવા કે રાખવા જાય પણ રહી શકતી નથી. આ વાત આ પ્રાણીથી અજાણી નથી. પોતાના અને પરના સંબંધમાં તેનો અનેક વખત અનુભવ થયો હોય છે, છતાં જ્યારે મન ઇચ્છિત વસ્તુ ફરીને પણ પ્રાપ્ત થાય છે ત્યારે તેને ક્ષણવિનાશી છતાં અવિનાશી માની લે છે. આવી ભૂલ અનાદિ કાળથી ચાલી આવે છે તેથીજ તે સંસારમાં પરિભ્રમણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી સાંસારિક સુખમાત્ર તુચ્છ છે એમ કાંઇક વિચક્ષણતાને અંગે આ પ્રાણી સમજે છે. તેની તુચ્છતાનું ઓછેવધતે અંશે તેને ભાન થાય છે પરંતુ અનાદિ કાળથી સાંસારિક સુખનો અભિલાષી હોવાને લીધે તેની ઉપર તુચ્છતાને લીધે આવવો જોઇતો અભાવ તેને આવતો નથી; પણ ઉલટો તેવા તુચ્છ સુખની પ્રાપ્તિમાં પણ તે લીન થઈ જાય છે–આસક્ત થઈ જાય છે–એક રૂપ બની જાય છે. તેને છોડવા ઇચ્છતો નથી. દેવતાના સુખની પાસે રાજાના સુખ, રાજાના સુખ પાસે ગૃહસ્થના સુખ અને ગૃહસ્થના સુખ પાસે એક નોકરના સુખ અને નોકરના સુખ પાસે એક ભીખારીના સુખ અત્યંત તુચ્છ હોય છે, છતાં પણ પોતપોતાને પ્રાપ્ત થયેલા તે તે પ્રકારના સુખમાં અતૃપ્ત રહે છે, વધારે અને ઉંચા સુખને અભિલષે છે પરંતુ તેનાપર અભાવ કે અનાસક્તિ આવતી નથી. એક ભીખારીને તેનું ભિક્ષાપાત્ર, કદ્રુપી સ્ત્રી, જર્જરિત વસ્ત્ર, ઘાસની ઝુંપડી અને મેલથી ભરેલા કદ્રુપા તેમજ ભૂખે ટળવળતા બાળકો છોડવા ગમતા નથી. તેજ પ્રમાણે તેનાથી જરા સારી સ્થિતિવાળા પણ આસક્તિમાં ડુબેલા હોય છે. તેનો મોહ કોઈ પણ પ્રકારે પોતાને મળેલા અલ્પ કે તુચ્છ સુખને અંગે ઘટતો નથી તો નાશ તો પામેજ શેનો? આવી તેની સ્થિતિ છે.

વળી ઇંદ્રીઓનો સમૂહ સ્વાર્થનિષ્ટ છે એમ પણ આ પ્રાણી કેટલેક દરજ્જે જાણે છે. કેમકે પાંચે ઇંદ્રીઓ પોત પોતાને પુષ્ટિકારી સાધન મળે ત્યાં સુધી કામ આપે-છે, પછી આપતી નથી. તેની સ્વાર્થ પરાયણતા તો વિચિત્ર પ્રકારની જ છે. સ્પર્શેદ્રીને અનુકૂળ સાધન પ્રાપ્ત ન થાય તો તે અશક્ત થઇ જાય, વિવર્ણ થઇ જાય, કાર્ય કરતી અટકી જાય, કર્કશ થઇ જાય–એમ અનેક પ્રકારે પોતાની વિરૂપતા બતાવે ને અનુકૂળ સાધન પ્રાપ્ત થાય ત્યારે સશક્ત દેખાય, તેજસ્વી દેખાય, ગમે તે કાર્ય કરવા તત્પર થાય અને કર્કશતાને બદલે આર્દ્રતા–સ્નિગ્ધતા દેખાડે. એજ પ્રમાણે ચક્ષુ ઇંદ્રીને અનુકૂળ બાહ્ય અને અભ્યંતર સાધનો પ્રાપ્ત ન થાય તો તે પણ દેખાવમાં તેવાને તેવા ચક્ષુ હોવા છતાં તેનું દેખવાનું કાર્ય કરે નહિ, વિપરિત દેખે, ઝાંખું દેખે, સ્પષ્ટતા વિનાનું દેખે ઇત્યાદિ અનેક પ્રકારે હેરાન કરે અનેપાછાં તેને અનુકૂળ સાધનો મગજને તર કરે તેવો ખોરાક, નેત્રને નિર્મળ કરે તેવા સુરમા અને દૃષ્ટિને લંબાવે તેવા ચશ્મા વિગેરે પ્રાપ્ત થાય ત્યારે પાછું સારી રીતે કામ આપતી થાય છે. ઘ્રાણેંદ્રી, શ્રોત્રેંદ્રી અને રસેંદ્રી પણ એવીજ સ્વાર્થનિષ્ટ છે. એને પણ અનુકૂળ સાધનોની બહુ આવશ્યકતા છે. ત્યારે જ તે બરાબર કામ આપે છે. લાંબા દિવસનો–દીર્ઘકાળનો સંબંધ છતાં પણ અલ્પ વખત પણ જો તેને પુષ્ટિકારી સાધન પ્રાપ્ત ન થાય તો રીસાઇ જાય છે. આ પ્રાણી પાંચે ઇંદ્રીઓને મનાવવા માટે–રીસાઇ ન જાય તેટલા માટે અનેક પ્રકારના પ્રયત્નો, અનેક પ્રકારના આરંભો, અનેક પ્રકારના પાપકર્મો કરે છે. દ્રવ્યાદિ મેળવવામાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો આંતરિક હેતુ પાંચ ઇંદ્રીઓને રાજી રાખવાનો છે. સારા સારા મનોજ્ઞ સ્પર્શ, મીઠા મીઠા રસ, પ્રિય લાગતા શબ્દ, વહાલા લાગતાં ગંધ અને દૃષ્ટિને પ્રસન્ન કરે તેવા જોવાના પદાર્થો મેળવવા માટે અહર્નિશ મચ્યો રહે છે. તેનું સમજવું ન સમજવા બરાબર છે. ઇંદ્રીઓ સ્વાર્થનિષ્ઠ છે એમ તેનું કહેવું કથનમાત્ર જ છે.

અનેક પ્રકારની સંપત્તિ કે જેમાં દ્રવ્યનો મુખ્ય ભાગ છે તે અસ્થિર છે, એમ આ પ્રાણી જાણે છે. કારણ કે અંતરાય કર્મનો ઉદય થાય છે ત્યારે એક ક્ષણમાં તે ચાલ્યું જાય છે. પોતાની નજરે ઘણાં દ્રવ્યવાનોને નિર્ધન થઇ ગયેલા-એટલું જ નહિ પણ જેઓ ગરીબોની સંભાળ લેતા હતા તેમને ગરીબ તરીકે માગતા-યાચના કરતા જુએ છે. છતાં પણ પોતાને થોડી કે ઘણી જેટલી સંપત્તિ પ્રાપ્ત થઇ હોય છે તેના પરનો મોહ-મુર્ચ્છા કિંચિત્ પણ ઘટતાં નથી. તેનો સદુપયોગ કરી શકતો નથી. શુભ કાર્યમાં તેનો વ્યય કરતાં હૃદય કંપે છે-ના પાડે છે. કદિ તેમાંથી વ્યય કરવો પડે છે, તો તેથી ઘણો ખેદ પામે છે; વળી તેને અસ્થિર છે એમ જાણતાં છતાં વધારે વધારે મેળવવાને માટે મચ્યો રહે છે. એક વસ્તુ અસ્થિર છે-આપણી પાસે કાયમ રહેવાની નથી એમ જો ખરેખરૂં સમજવામાં આવે તો તે મેળવવાનો પ્રયાસ કોણ કરે? કોઇ ન કરે. પરંતુ આ પ્રાણીનું સમજવું ન સમજવા બરાબર છે. તેથીજ તેવી સંપત્તિ મેળવવા, તેને વધારવા, તેને જાળવી રાખવા અહર્નિશ પ્રયત્ન કર્યા કરે છે-તેને માટે રાત દિવસ પ્રયાસ કરે છે, પાપ પુન્ય જોતો નથી, કૃત્યાકૃત્ય વિચારતો નથી, ધર્મને ભૂલી જાય છે, સુખને વીસરી જાય છે અને ક્ષણે ક્ષણે તેનો જાપ કર્યા કરે છે. જો કે આ પ્રમાણેની સ્થિતિ અનુભવતાં છતાં પણ તેને ચાલ્યું જવું હોય છે ત્યારે કુલટા સ્ત્રી જેમ પોતાની ઉપર અત્યંત સ્નેહ ધરાવનાર-પોતાને માટે પ્રાણ પાથરનાર પતિની પણ દરકાર ન કરતાં જાર પાસે ચાલી જાય છે તેમ ગાઢ સ્નેહવાળી લક્ષ્મી પણ એક ક્ષણમાં સ્વામી બદલી નાખે છે. એકની મટીને બીજાની થાય છે અથવા અગ્નિ કે જળરૂપ થઇ જઇ તેનાપર આસક્તિ ધરાવનારને રોવરાવે છે, હેરાન કરે છે, સંતાપે છે અને તેને દિલાસો આપવા પણ આવતી નથી. સંપત્તિમાત્રની આવી સ્થિતિ છે, અને તેના માલેકની પણ ઉપર બતાવી તેવી સ્થિતિ છે.

ઉપરના શ્લોકમાં પ્રાંતે તેટલા માટે એમ કહે છે કે આ પ્રમાણે બધું જાણતાં છતાં પણ તેનાપર મને જે મોહ થાય છે તેનું કારણ શું છે? તેનું કારણ તે શ્લોકમાંજ બતાવવામાં આવ્યું છે; એટલે કે તેનું કારણ મોહજ છે. આ સંસારમાં જેટલાં દુઃખ જીવમાત્રને પ્રાપ્ત થાય છે અને જેટલો વિપરિત પ્રતિભાસ થાય છે તેમજ જે જે સ્થિતિ ઇષ્ટ કે અનિષ્ટ પ્રાપ્ત થાય તે અનુભવવી પડે છે એ બધો મોહનોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતાપ છે. મોહજ પ્રાણીને અંધ બનાવી મુકે છે. મોહનું બીજું નામ અજ્ઞાન છે. તેમજ વિપરિત ભાવ પ્રાપ્ત કરાવનાર પણ મોહજ છે; માટે આ બધું જાણતાં છતાં પણ તેની જે અભિલાષા થાય છે-તેનાપર જે આસક્તિ થાય છે તેનું કારણ મોહજ છે માટે જ્ઞાની મહારાજના વચનોને આગળ કરીને મોહને ઘટાડવાનોજ પ્રયત્ન કરવો કે જેથી એ બધું જાણતાં છતાં તેના પર મોહ થાય છે તે નહીં થાય. આ સંબંધમાં હજુ વિશેષ સ્પષ્ટિકરણ કરવાની આવશ્યકતા છે છતાં સ્થળ સંકોચના કારણથી આ લેખ હાલતો આટલાથીજ સમાપ્ત કરવામાં આવે છે.

## શ્રી આબુતીર્થ ઉપર એજંટ ટુ ધી ગવર્નર જનરલને મળવા ગયેલું જૈન ડેપ્યુટેશન.

મુંબઇ, અમદાવાદ, સુરત, પાલણપુર, ભાવનગર અને શીરોહી વિગેરેના સંભાવિત ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન તા. ૬-૪-૧૨ ના રોજ બાર કલાકે આબુ પહાડ ઉપર એજંટ ટુ ધી ગવર્નર જનરલની મુલાકાતે ગયું હતું. એકંદર ૨૫ ગૃહસ્થો ગયા હતા. મુલાકાત બહુ સારી રીતે થઇ હતી. ડેપ્યુટેશને એક એડ્રેસ રૂપાના ભુંગળામાં મુકીને અર્પણ કર્યું હતું. સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇએ તે એડ્રેસ વાંચ્યું હતું. સાહેબ સાથે વાતચિત કરવામાં પણ મુખ્ય ભાગ તેમણે, મી. ગુલાબચંદજી ઢઢાએ તથા મી. મોતીચંદ ગીરધર કાપડીઆએ લીધો હતો. અરજનો મુખ્ય વિષય એ પવિત્ર તીર્થના દેવાલયોમાં યુરોપીયનો બુટ સાથે જોવા જાય છે તે બંધ કરાવવાનો હતો; તે સંબંધમાં અનેક પ્રકારની વાતો થઇ હતી. સાહેબે બુટ ઉપર મખમલના મોજાં ચડાવી લેય તો કેમ ? તે વિષે પૂછયું હતું પરંતુ ડેપ્યુટેશનના ગૃહસ્થોએ તેવી રીતિ બીલકુલ નાપસંદ કરી હતી. સુમારે એક કલાક ઉપરાંત ચાલેલી ચર્ચાને પરિણામે અધિકારી મોસુફે આ સંબંધનો રીપોર્ટ નામદાર વાઇસરોય તરફ કરવાનું કબુલ કર્યું હતું અને તેની અંદર આપણા લાભના પોઇન્ટો સમાવવા હા પાડી હતી. આ પ્રસંગે બીજા કોઇ પણ તીર્થે તેમજ જાહેર મંદિરોમાં બુટ લઇને જવાનો પ્રચાર બીલકુલ નથી એમ કહેવામાં આવ્યું હતું અને તેવા કેટલાક પુરાવા પણ બતાવવામાં આવ્યા હતા. પ્રાંતે ડેપ્યુટેશનના ગૃહસ્થો સંતોષ સાથે પોતાના મકાનપર આવ્યા હતા. આ ડેપ્યુટેશનની અંદર અમારી સભાના પ્રમુખ કુંવરજી આણંદજી પણ ગયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્નના પ્રમુખ સા. શ્રી રણછોડભાઈ ઉદયરામે

# " ગુજરાતી જૈન સાહિત્ય "

## ઉપર દર્શાવેલ વિચારો.

પ્રાચીન કાવ્યસાહિત્યના ક્ષેત્રમાં જૈન લેખકોએ પણ સંગીન વૃદ્ધિ કરી છે, તે આપણા લક્ષ બહાર રાખવું ઘટતું નથી. ગુજરાતના ઇતિહાસમાં જૈનોએ બહુ અગ્રણી ભાગ લીધો છે. પણ તે વિષયનો વિસ્તાર કરવાને આ યોગ્ય સ્થળ નથી. જૈન મુનિઓએ ઘણા રાસા, સઝાયો, આદિ અનેક રસપૂર્ણ કવિતા નાના પ્રકારના દેશી રાગોમાં, તેમજ છંદોમાં લખી છે. સંવત ૧૪૦૦ થી તે સાહિત્યનો પ્રસિદ્ધ આરંભ થયો હોય એમ હમણાં જણાય છે. આરંભ થોડે થોડે થતાં, પાછળથી તેમાં બહુ ગ્રંથો રચાયા છે. તેમાં કેટલાક બહુ વખાણવા યોગ્ય કાવ્યગ્રંથો પણ રચાયા છે; જેવા કે શ્રીપાળ રાસ, વસંત વિલાસ, વિમળ મંત્રી રાસ, નળાખ્યાન, નંદ બત્રિશી, મૃગાવતીનો રાસ, મદન રેખાનો રાસ ઇત્યાદિ.

બ્રાહ્મણ અને જૈન વચ્ચે ધર્મમૂલક વિરોધ હોવાથી, જો કે બંનેની ભાષા એક હતી તો પણ પોતપોતાના ધર્માનુયાયીઓને ઉપયોગમાં આવે તેને માટે બન્નેને ભિન્ન સાહિત્ય રચવાની અગત્ય પડેલી જણાય છે. આવા ધર્મ વિરોધનો સારો પરિણામ એ આવ્યો કે, એથી ભાષા સાહિત્યના ગ્રંથોની સંખ્યામાં સારો વધારો થયો. ખેદની વાત એ છે કે, એક માર્ગના પંથીઓ બીજા માર્ગના પંથીઓના ગ્રંથોનું ગ્રહણ કરતા નથી, અને તેથી ગુજરાતી સાહિત્યની ચર્ચામાં, અત્યાર સુધી મ્હોટે ભાગે જૈન સાહિત્યનો જોઇતો ઉલ્લેખ થયો દેખાતો નથી. પણ કાવ્યાદિ જેવા સાહિત્યમાં, ધર્મ જેવા ભિન્ન વિષયને કાંઇ પણ લાગતું વળગતું નથી, અને જેનું રસ એ જીવન છે, એવું કાવ્યાદિ સાહિત્ય જૈનોએ લખ્યું હોય કે બ્રાહ્મણોએ લખ્યું હોય તો પણ, તે તેના રસવત્તા ધર્મને લીધે સર્વ રસિક વાચકોએ ગ્રહણ કરવા યોગ્ય છે. અણહિલવાડ, પાટણ, જેસલમેર, ખંભાત, આદિ ભારતનાં અનેક સુપ્રસિદ્ધ સ્થળોએ પુસ્તકનાં ભંડારો સ્થાપી જૈનોએ, જૈન તેમજ બ્રાહ્મણ ધર્મીઓને હાથે રચાયલા અનેક ગ્રંથોનું રક્ષણ કર્યું છે. એવો જૈનોનો મહાન્ ઉપકાર આપણે ભૂલી જવો જોઇએ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાઇને બહાર પડેલ છે.
## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૧ લો
### સ્થંભ ૧ થી ૪. વ્યાખ્યાન ૬૧.

આ ભાગ પ્રથમ બીજા જૈન બંધુ તરફથી અર્થ વિગેરેમાં ઘણીજ ભૂલોવાળો બહાર પડેલો, તે પણ હાલ બીલકુલ મળતો નથી. અમે તેનું શુદ્ધ ભાષાંતર કરાવી બરાબર સુધારીને બહાર પાડેલ છે, તેની અંદર બતાવેલા શાસ્ત્રાધારો તમામ અરથેસાથે દાખલ કરવામાં આવ્યા છે. આ પહેલા વિભાગમાં સમકિતના ૬૭ બોલ ઉપર તેમજ બીજી પણ તેને અનુસરતી પુષ્કળ કથાઓ છે. આઠ પ્રભાવકના દ્વાર ઉપરની તેમજ બીજી પણ કેટલીક કથાઓ તો બહુજ રસિક છે. સમકિતની શુદ્ધિના ઇચ્છકે આ ભાગ અવશ્ય વાંચવાલાયક છે. સામાન્ય બુદ્ધિવાળાને આ આખો ગ્રંથ પરમ ઉપકારી છે. આ ભાગની કિંમત રૂા. ૧-૮-૦ રાખવામાં આવી છે, પાકા અને સુંદર બાઇન્ડીંગથી બુક બંધાવવામાં આવી છે.

આ આખા ગ્રંથનું ભાષાંતર કુલ પાંચ વિભાગ કરીને અમારા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૩૬૧ વ્યાખ્યાન અને ૪૦૦ લગભગ કથાઓ છે. આખો ગ્રંથ મોક્ષાભિલાષી સરલ જીવોને ખાસ વાંચવાલાયક છે. બહુજ હિતકારક છે. પાંચે ભાગની જુદી જુદી કિંમત રૂા. ૮-૮-૦ થાય છે. પરંતુ પાંચે ભાગ એકઠા લેનાર માટે રૂા. ૭-૮-૦ રાખવામાં આવેલ છે. બહારગામવાળાએ પોસ્ટેજ જુદું સમજવાનું છે.

## અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર.
### આવૃત્તિ બીજી.
### વિવેચન યુક્ત.

આ બુકની પહેલી આવૃત્તિ ટુંકી મુદતમાં ખપી જવાથી તેની બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત પ્રથમ પ્રમાણે રૂ ૧-૪-૦ જ રાખવામાં આવી છે. પોસ્ટેજ બહાર ગામવાળાને ચાર આના વધારે લાગે છે. આ આવૃત્તિમાં કેટલોક સુધારો કરવામાં આવ્યો છે. કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ સોલીસીટરે આ વખત પણ એ બુક છપાવવામાં ઘણો પ્રયાસ કર્યો છે. ૭૮ ફારમની આ બુકની કિંમત બહુજ સ્વલ્પ રાખવામાં આવી છે. જૈન બંધુઓએ અને અન્ય વિદ્વાનોએ પણ પહેલી આવૃત્તિ વાંચીને એક સરખાં તેનાં વખાણ કરેલાં છે. આત્મહિત ઇચ્છક જનોને ખાસ વાંચવાલાયક છે. ચિત્તવૃત્તિને સુધારનાર પરમ ઔષધ છે.

મળવાનાં ઠેકાણાં.

મુંબઇ. એન. એમ. ત્રીપાઠીની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ.

શા. મેઘજી હીરજી. પાયધુણી—મુંબઈ.

ભાવનગર. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ ને બહાર પડેલ છે.

## પ્રકરણાદિ વિચાર ગર્ભિત શ્રી સ્તવન સંગ્રહ.

આ બુક શ્રાવિકા તેમજ સાધવી સમુદાયને તેમજ પ્રકરણોના નવા અભ્યાસીઓને ઘણીજ ઉપયોગી છે. કોઇ વખત નહીં છપાયેલા તેમજ પ્રસિદ્ધિમાં પણ નહીં આવેલા સ્તવનોનો આમાં સંગ્રહ કરેલો છે. આ બુકમાં જીવ વિચારનું ૧, નવતત્વનું ૧, દંડક સંબંધી ૨, ચૌદ ગુણઠાણા સંબંધી ૩, જ્ઞાનદર્શન ચારિત્ર સંબંધી ૧, સિદ્ધ દંડિકાનું ૧, કર્મ પ્રકૃતિ ઉપર ૧, જંબુદ્વિપ વર્ણનનું ૧, નિગોદના સ્વરૂપનું ૧, સમવસરણ સંબંધી ૩ અને બીજી બાબતના ૨ મળી કુળ ૧૭ સ્તવનો તથા ૪ સઝાયો દાખલ કરેલ છે. ભાવનગરના શ્રાવિકા સમુદાયનો આર્થિક સહાયથી છપાવેલ છે. સાધુ સાધ્વીને તથા જૈનશાળા ને કન્યાશાળામાં ભેટ આપવાની છે. ૧૬ પેજી ૧૭ ફારમના પાકા પુંઠાથી બાંધેલ બુક છે. કિંમત માત્ર આઠ આના રાખેલ છે. પોસ્ટેજ-દોઢ આનો લાગે છે. જૈન તત્વો જાણવાના ઇચ્છકે અવશ્ય ખરિદ કરવા લાયક ને વાંચવા સમજવા લાયક છે. તેની ખરી કિંમત વાંચનારજ કરી શકે તેમ છે.

## પાંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ શાસ્ત્રી.

અમારી તરફથી કાયમ છપાય છે તેમાં કેટલોક વધારો કરીને તેજ ટાઇપથી છપાવેલ છે. અને તેવાજ પુંઠાથી બંધાવેલ છે. કિંમત છ આના જ રાખેલ છે. જૈન શાળા કન્યાશાળા માટે અને ઇનામ માટે ખરિદ કરનારને પાંચ આનાથી મળી શકશે. બહાર ગામવાળાઓને પોસ્ટેજ જુદું આપવું પડશે.

## રાઇ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. ગુજરાતી.

અમારી તરફથી છપાય છે તેવીજ શિલા છાપમાં છપાવેલી આ બુક હાલમાં બહુ મુદતે બહાર પડી છે. છાપકામ ને બાઇન્ડીંગ મનરંજન કરે તેવાં છે. કિંમત પ્રથમ પ્રમાણેજ આઠ આના અને જૈનશાળા કન્યાશાળા વિગેરે માટે સાત આના રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

## જોઇએ છે.

પાંચ શ્રાવક છોકરા શ્રી વીતરાગ પ્રણીત ધર્મ પ્રકાશવાની ઇચ્છાવાળા. નવતત્વથી માંડીને તમામ પ્રકરણો અને સંસ્કૃતનું પૂરતું શિક્ષણ-આપવામાં આવશે. બ્રહ્મચર્ય પાળી શકે તેમણેજ અરજી કરવી. મુનિ મહારાજાઓની સાથે વિહારમાં પણ પ્રાયઃ રહેવું પડશે, અને તેમના હાથનીજ પ્રાયઃશિક્ષણ લેવું પડશે. ખાવા પીવાની તથા કપડાંની ખોરાક સગવડ કરી આપવામાં આવશે. મળો વાગર લખો:—

સેક્રેટરી-જૈનતત્વ વિવેચક સભા
પાંજરાપોળ—અમદાવાદ.

For Private And Personal Use Only